# ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજનો સંક્ષિપ્ત સાર

● પ્રેરણાના પુંજ ●

પરમપૂજ્ય, અધ્યાત્મયોગ સંપન્ન
પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

● સંપાદક ●

પરમપૂજ્ય, પંન્યાસ શ્રીવજ્રસેનવિજયજી ગણિવર્ય

● સાર સંગ્રાહક ●

સુધીરભાઈ ભ. કોઠારી


● પ્રકાશક ●

ભદ્રંકર પ્રકાશન
C/o. ફકીરચંદ મણીલાલ શાહ
૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪. ફોન : (૦૭૯) ૨૨૮૬૦૭૮૫

● પુસ્તકનું નામ ●

ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજનો સાર

આવૃત્તિ પ્રથમ - સં. ૨૦૬૮ નકલ ૫૦૦


● મૂળગ્રંથના ચિંતક ●

પરમપૂજ્ય, સકલાગમરહસ્યવેદી, આચાર્યદેવ
શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન
પરમપૂજ્ય, સિદ્ધાંતમહોદધિ, આચાર્યદેવ
શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન
પરમપૂજ્ય, કલિકાલકલ્પતરુ, આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન
પરમપૂજ્ય, અધ્યાત્મયોગમાર્ગસાધક, પંન્યાસપ્રવર
શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય


● પ્રાપ્તિસ્થાન ●

શ્રીપાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર
આનંદભુવન સામે, તળેટી રોડ,
પાલીતાણા - ૩૬૪૨૭૦
ફોન : (૦૨૮૪૮) ૨૫૩૩૨૩

● મુદ્રક ●

વર્ધમાન પુસ્તક પ્રકાશન
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. મો. ૯૨૨૭૫૨૭૨૪૪

## અર્પણ

**આધ્યાત્મિક માર્ગે દોરનાર**
**જીવન સંગીની**
**નિરૂને**

# સાર સંગ્રાહકની નજરે

ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજ (શ્રી નવકારમંત્ર) ગ્રંથનો "સંક્ષિપ્ત સાર"...

પરમ પૂજ્ય **પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય** રચિત ઉક્ત મહાગ્રંથમાં **શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.** આપણી આગળ જ્ઞાનનો મહાસાગર ઠલવી દીધો છે. એમના મૌલિક ચિંતનની રત્નકણિકાઓ ગ્રંથના પાને પાને અદ્‌ભુત પ્રકાશથી આપણને સાચા માર્ગે દોરી રહી છે. એમના પટ્ટ શિષ્ય પરમ પૂજ્ય પં. પ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યએ કરેલ આ ગ્રંથનું સંપાદન પણ અલૌકિક છે. એમના આ પ્રખર કાર્યનો જશ પણ સહજતાથી **ગુરુ ભદ્રંકરવિજયજી મહારાજ** સાહેબને આપવામાં તેમની નમ્રતાનું દર્શન આપણને થાય છે.

મંદ બુદ્ધિવાળા મને અને અજ્ઞાનના આવરણવાળા જીવને, આ અમૂલ્ય જ્ઞાનને કંઈક અંશે સમજવા અને યાદ રાખવામાં સુગમતા પડે તે માટે આ પુસ્તિકામાં થોડાક મુખ્ય વિચારો અને જ્યાં સરલ પડે ત્યાં ચાર્ટની રીતે વસ્તુઓ (પદાર્થો) ટુંકાણમાં યાદ રહે તેવો પ્રયાસ કર્યો છે.

આજનાં અત્યંત ગતિશીલ સમાજમાં લોકોને સમય અને રુચિની મંદતાને લીધે લગભગ ૬૦૦ પાનાનો ગ્રંથ વાંચવાની ઈચ્છા ન થાય તે સ્વાભાવિક છે. આ સમસ્યા નિવારવા અને કુતૂહલ વૃત્તિને સતેજ કરવા આ નમ્ર પ્રયાસ પ.પૂ. **પં. પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની અનુમતિથી કર્યો છે.

દરેક શીર્ષકને મહાગ્રંથના પાના નંબર સાથે જોડીને વાચકને એ વસ્તુના વધુ ઊંડાણમાં લઈ જઈને પૂ.પં.મ.સા.ના જ્ઞાનનું અમૃત માણવાની સુલભતા પરિશિષ્ટ ૨માં કરવામાં આવી છે.

આ પુસ્તિકાના પહેલા પ્રકરણમાં રજૂ કરેલા ૧૧ પ્રશ્નોના

જવાબ આ પુસ્તિકામાં ક્યા પાના ઉપર છે. તે પરિશિષ્ટ ૧માં ઉપલબ્ધ છે.

પ.પૂ.**પંન્યાસ પ્રવર વજ્રસેનવિ.મ.સા.**ની સંપાદકીય, અનુભવી, સૂક્ષ્મનજરનો લાભ આ પુસ્તિકાને મળ્યો તે ઘણા જ ગૌરવની વાત છે. **પૂ.આ. હેમપ્રભસૂરીજી મ.સા.**નો સહકાર અને ઉત્સાહ પ્રેરક વચનો હંમેશા મને પ્રોત્સાહિત કરતા રહ્યા છે.

આશા રાખીએ કે આ પુસ્તિકાના વાંચન બાદ વાચકોને મહાગ્રંથમાં ડૂબકી લગાવવાની પ્રેરણા થાય. પુસ્તિકામાં રહેલી ક્ષતિઓને વાચકો ઉદાર દિલે ક્ષમા આપે તેવી અભ્યર્થના....

●●●


**સુધીર કોઠારી**

લોસ એન્જલસ

કેલીફોર્નિયા—યુ.એસ.એ.

e-mail : adinath Palitana.(a)yahoocom.


ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૨



# સંપાદકશ્રીના ઉદ્ગાર....!

નમસ્કાર મહામંત્રનાં અનેકવિધ ભાવોથી ભરપૂર ગ્રંથ એટલે **"ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજ."** આ ગ્રંથ અમેરિકા જેવા દેશમાં રહેનાર સુધીરભાઈ જે જન્મે અજૈન પણ જૈન સિદ્ધાંતોને સમજવા સદ્ભાગી બનેલા એવા સુશ્રાવક સુધીરભાઈ અને નીરુબેનને વાંચવા આપ્યો. તેમાંથી બંને પુન્યાત્માઓએ એક-એક પેજની એક-એક લાઈનને પૂરી સમજપૂર્વક વાંચી-વાંચીને અરસ-પરસ ડીસક્સ કરીને જ્યાં ન સમજાયું ત્યાં સમજવા પ્રયત્ન કર્યો. ત્યારબાદ આ વિષયોને અલ્પ ક્ષયોપશમવાળા પણ સમજી શકે તે રીતે પ્રકરણ વાઈઝ પોતે લખાણ કર્યું. ટેબલ વાઈઝ સેટીંગ કર્યું. જેથી શોર્ટમાં સમજી શકાય.

આ બધું અમને બતાવ્યું અમે તો જોઈને ખુશ થઈ ગયા.

મારા લઘુગુરુબંધુ **આચાર્ય હેમપ્રભસૂરી મ.સા.** તો ખૂબ જ ખુશ થયા કે પરદેશ રહીને આવા ગહન પદાર્થોને આટલા સરળ કરીને, આલેખન કરીને ખરેખર અનેક જીવોને ઉપકારક બન્યા છે. એટલે સહજ ભાવે અંતરથી નિર્મળ પરિણામી સુધીરભાઈ તથા નીરુબેન માટે થઈ ગયું કે, જેને આવા વિષયો ગમે અને હૃદય સુધી સ્પર્શે તે આત્મા હળુકર્મી હોય.

બંને પુન્યાત્માઓનું જીવન હવે તો શ્રુતમય બનતું જાય છે. સાંભળવું...વાંચવું...અને સમજીને હૃદયસ્થ કરવું.

અનેક પુન્યાત્માઓને નમસ્કાર મહામંત્રના ભાવોની સ્પર્શના કરાવવામાં આ નાનકડો ગ્રંથ મહાન કાર્ય કરનારો બની રહેશે...

**પં. વજ્રસેનવિજય**

# અનુક્રમણિકા

**પ્રકરણ-૧**

આજની પેઢીના નવકાર વિશે કુતૂહલો અને પ્રશ્નો

**પ્રકરણ-૨**

નવપદ અને નવપુણ્ય (ટેબલ) છ આવશ્યકમય શ્રી નવકાર (ટેબલ) પંચ અવસ્થાભાવન (ટેબલ) શ્રી નવકાર ત્યાં જૈનત્વ

**પ્રકરણ-૩**

નમસ્કાર ધર્મનો મર્મ, યોગદષ્ટિએ નમસ્કારનાં અધિકારી, ઈન્દ્રિય જનીત સુખ, નમસ્કારથી મનોમય કોષની શુદ્ધિ, બુદ્ધિની નિર્મળતા અને સૂક્ષ્મતા, રાગ-દ્વેષ અને મોહનો ક્ષય, નમસ્કાર ધર્મનો મર્મ (ટેબલ) યોગદષ્ટિએ નમસ્કાર (ટેબલ) નિર્વેદ-સંવેગ રસ, ઈષ્ટ તત્ત્વની અચિંત્ય શક્તિ.

**પ્રકરણ-૪**

નમસ્કારથી કર્મક્ષય, સ્વદોષ દર્શન અને પરગુણ દર્શન, અરિહંતાદિ ચારનું અવલંબન-બોધ, વિતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ, શરણ ગમન વડે ચિત્તનું સમત્વ, મંત્ર ચૈતન્યની જાગૃતિ, કૃતજ્ઞતા અને સ્વતંત્રતા, નવકારમાં સર્વ સંગ્રહ (ટેબલ) નમો મંત્રનું અનાહત સ્વરૂપ, તાત્વિક ભવનિર્વેદ અને મોક્ષ અભિલાષ, પાપનાશક અને મંગલ ઉત્પાદક મંત્ર, નમો મંત્ર વડે અહંતા અને મમતાનો ત્યાગ,નવકારમાં નવરસ અને જન્મજાત સ્થાયી ભાવો. (ટેબલ)

**પ્રકરણ-૫**

પાંચ પ્રકારના ગુરુઓ (ટેબલ), નિર્મળ વાસના અને નમસ્કારથી સમત્વની સિદ્ધિ, પાંચ પ્રકારના ગુરુ, મહામંત્રની આરાધના, સાચો નમસ્કાર, નમસ્કાર મંત્રની સિદ્ધિ, મંત્ર વડે મનનું રક્ષણ, સહજમળ અને તથાભવ્યત્વ (ટેબલ), મન અને નમો પદ (ટેબલ)

**પ્રકરણ-૬**

શ્રદ્ધા અને ભક્તિ (ટેબલ), શ્રદ્ધા અને ભક્તિ, ઋણ મુક્તિનો મહામંત્ર, નમ્રતા અને સૌમ્યતા.

**પ્રકરણ-૭**

ભાવ નમસ્કાર અને આજ્ઞા યોગ ક્રમ (ટેબલ અને વિવેચન) મંત્ર



સિદ્ધિ માટે અનિવાર્ય, નમસ્કાર વડે વિશ્વ પ્રભુત્વ, સમતા સામાયિકની સિદ્ધિ, મંત્ર સિદ્ધિ યોગ્યતા (ટેબલ) પાંચ સમવાયકારણો (ટેબલ), નમોપદની ગંભીરતા (ટેબલ અને વિવેચન). શરણ, ચૈતન્ય, અનંતર-પરંપરફળ નમસ્કારધર્મની વ્યાખ્યાઓ, નમોપદનું રહસ્ય.

**પ્રકરણ-૮**

પુદ્ગલ અને જીવ, (ટેબલ), સિદ્ધિનો ઉપાય, સર્વશ્રેષ્ઠ શ્રીનવકારમંત્ર, પારસમણિ-ચિંતામણિ, નમસ્કારનો પ્રભાવ, નામ અને નમસ્કાર (ટેબલ) નમસ્કારથી ઉપયોગની એકાગ્રતા, કરજોડ-માનમોડ, નવકાર સમજણ, નમોપદની અર્થ ભાવના, (ટેબલ અને વિવેચન) વ્યાપક નમસ્કાર ભાવ, સંસાર નાશક નમસ્કાર, નમસ્કાર એ મહામંત્ર કેમ ? સંસારના રસો (ટેબલ), નવકારને સામાયિક, સમ્યક્ત્વ, સંતોષ અને તપ, नमो लोए सव्व साहूणं પદ, સમતા-આજ્ઞા સામ્યભાવ, પરમેષ્ઠિવડે શુદ્ધિ, અભ્યાસ અને વૈરાગ્ય,

**પ્રકરણ-૯**

સાધુના લક્ષણ (ટેબલ), મંત્ર અને શાસ્ત્ર (ટેબલ), નવકારની અગાધ શક્તિ, મંત્ર અને શાસ્ત્રનું કાર્ય, પાંચ આજ્ઞા અને નમસ્કાર, મંગલ પદની વ્યુત્પત્તિ, ચૈતન્યની ઉપાસના, નમ્રતાની મહત્તા, નમ્રતાને ઉદારતા, ચેતન અને જડ (ટેબલ), પરોપકાર, મદ નાશક નવકાર, કૃતજ્ઞતા વ્યાખ્યા, પરમેષ્ટિ વર્ણો.

**પ્રકરણ-૧૦**

ભાવનાઓનું ફળ, આત્માનો નવકાર સાથે વાર્તાલાપ, નવકારથી યોગ્યતા વિકાસ, ભાવ સંકોચ, મોહનાશનો ઉપાય, માનને જીતવાનો ઉપાય, માયાને જીતવાનો ઉપાય, લોભને જીતવાનો ઉપાય.

**પ્રકરણ-૧૧**

મનોવિજ્ઞાનની દષ્ટિએ નમસ્કારમંત્ર, મૂળ વૃત્તિઓના પરિવર્તનના ઉપાયો, મનોવિજ્ઞાન અને નમસ્કાર(ટેબલ)

પરિશિષ્ટ-૧

પરિશિષ્ટ-૨

# પ્રકરણ-૧

## આજની પેઢીના નવકાર વિશેના કુતૂહલો અને પ્રશ્નો :

આજનાં વિજ્ઞાન યુગમાં જ્યારે આપણી યુવા પેઢી ટેલીવીઝન, કોમ્પ્યુટર, ફોન, સિનેમા અને બીજા અનેક સાધનોથી ઘેરાયેલી છે. ત્યારે દરેક વસ્તુનું મૂલ્યાંકન એક મુખ્ય પ્રશ્નથી થાય છે. એ પ્રશ્ન છે—"શા માટે ?" આ પ્રશ્ન પાછળનો સૂક્ષ્મ હેતુ એ હોય છે કે આમાં મને ફાયદો શું ? મારો શું સ્વાર્થ ?

આવા જ પ્રશ્નો ધર્મ, આચારો, વિધિ, પ્રણાલિકાઓ વગેરે માટે આજના ભણતરને લીધે ઉઠે છે. આપણા ધર્મમાં નવકાર એ પહેલી ધર્મની નિશાની છે. તો એના માટે પ્રશ્નો ઉઠે તે સ્વાભાવિક છે. આપણે થોડાક પ્રશ્નો વિચારીયે.

**પ્રશ્ન : ૧ નવકાર શા માટે મહામંત્ર છે ?**

૨ ભગવાનની કરુણા નિરંતર વરસે છે તો તે દેખાતી કેમ નથી ? કેવી રીતે મનાય ?

૩ આપણને જેમ, અન્ય ધર્મીઓ નદીમાં નહાયા એટલે બધા પાપોનો નાશ થઈ ગયો એ વાત સાંભળીને હસવું આવે છે, તેવી રીતે બીજાઓને પણ એક નવકાર ગણ્યો એટલે બધા પાપોનો નાશ થઈ ગયો એ વાત સાંભળી હસવું ન આવે ?

૪ સાચો નમસ્કાર ક્યારે કહેવાય ?

૫ નવકાર શા માટે મંત્ર શિરોમણી ગણાય છે ?

૬ નમસ્કારનું રહસ્ય શું છે ?

૭ અહં ને નમાવવા નવકાર કઈ રીતે મદદરૂપ થાય ?



૮ સ્વાર્થ અને નવકારને શું સંબંધ ?

૯ શુદ્ધ ગુરુ માટેની તાલાવેલી કેમ જાગે ? નવકાર અને ગુરુ વચ્ચે શું સંબંધ ?

૧૦ મંત્ર અને શાસ્ત્રનો તફાવત શું છે ?

૧૧ મનોવિજ્ઞાન અને નવકારને શું સંબંધ ?

આવા અનેક પ્રશ્નોના સાચા તર્કયુક્ત જવાબ વાચકોને એની સમજણ પ્રમાણે મળે તો જ એમની જીજ્ઞાસા સંતોષાય અને રુચિ ઉત્પન્ન થાય.

ઉપરના પ્રશ્નો અને બીજી ઘણી મુંઝવણો આજના વર્તમાન લોકોના જીવનમાં નજરે પડે છે. આજની પરિસ્થિતિમાં મનુષ્યની એક અમૂલ્ય સંપત્તિ ઝુંટવાઈ ગઈ હોય તો તે છે સમય.

આજે લોકો કહેતા હોય છે કે સાહેબ, મરવાની પણ ફૂરસદ નથી. એટલું બધું કરવાનું છે. પણ ટાઈમ નથી. જે ફરજ છે તે પણ પટાપટ પતાવીને કામે લાગવાનું છે. આનંદ મેળવવા પણ દોડાદોડી કરવી પડે છે. આ ટાઈમે આ સિરીયલ આવે છે. તો બધુ પતાવીને ટી.વી. સામે ગોઠવાઈ જવું પડે છે. ત્યાર પછી જ સિરીયલમાં ઓતપ્રોત થવાય.

વાત તો સાવ સાચી છે સમયનો જ અભાવ છે. પ્રશ્ન ફક્ત એ છે કે સમયને કેમ વાપરવો ? એનો કદી વિચાર કર્યો છે ? હવે તો મોબાઈલ ફોન આવ્યા એટલે સમય ઉપર વધુ તરાપ પડી. ગમે ત્યારે તમારા સમય ઉપર બીજા કોઈનો પણ હક્ક થઈ ગયો. ફોનની ઘંટડી વાગી એટલે એ પછીનો સમય બીજાનો થઈ ગયો તમારો નહિ.

આવા જીવનમાં હવે એમ સમજાય છે કે આ કહેવાતી આધુનિક સમય ઉપયોગની જંજાળમાંથી સાચો રસ્તો સમજવા અને શાંતિ પ્રાપ્ત કરવા માટે નવકારની સમજણ ઘણી જ જરૂરી છે. સમયના

અભાવમાં (આધુનિક દૃષ્ટિએ) આપણે નવકાર વિશે ટૂંકાણમાં જાણીએ તો આપણને નવકાર વિશે કોઈ કંઈ પૂછે તો આપણે કંઈક જણાવી શકીએ. અને આપણને પોતાને ગર્વ થાય કે આપણને ગળથૂંથીમાં મળેલા નવકારનું કંઈક મહત્વ છે. તો ચાલો હવેના પ્રકરણોમાં નવકારનો ભાવાર્થ અને જુદી રીતે પરિચય મેળવીએ. અને નવકારના થોડા રહસ્યો ઉપરથી પડદો ઉઠાવીયે. જ્યાં પણ વધારે કુતૂહલતા થાય તો પરિશિષ્ટ બે દ્વારા ગ્રંથના એ પાના પર જઈને એના વિશે ઉંડાણમાં વાંચી શકાય. પરિશિષ્ટ-૧માં ઉપરના પ્રશ્નોના જવાબના પાના નંબર આપ્યા છે.

**પ્રશ્ન-૧ નવકાર શા માટે મહામંત્ર છે ?**

**જવાબ-૧** નમસ્કાર નમ્રતાને લાવે છે. જીવ કર્મથી બંધાયેલ છે એ વિચાર જેમ નમ્રતાને લાવે છે. તેમ કર્મથી મુક્ત થયેલા મહાપુરુષો (અરિહંત, સિદ્ધ) પ્રત્યે અંતરથી થતું બહુમાન પણ નમ્રતાને લાવે છે. પોતાના માથે ઋણ છે એમ માનનાર વ્યક્તિ આપોઆપ નમ્ર બને છે. નિરહંકાર બને છે. તેથી આપણામાં નમ્રતા ગુણ પ્રગટે છે. અને એનો વિરોધી અહંકાર મોળો પડે છે. અહંકાર તૂટે છે માટે નવકાર મહામંત્ર છે.

**પ્રશ્ન-૨ ભગવાનની કરુણા નિરંતર વરસે છે તો તે દેખાતી કેમ નથી ? કેવી રીતે મનાય ?**

**જવાબ-૨** જેમ આપણે હવાને જોઈ શકતા નથી પણ અનુભવ કરી શકીએ છીએ. તેમ ભગવાનની કરુણા નરી આંખે જોઈ શકતા નથી પણ અનુભવ ચોક્કસ કરી શકીએ છીએ બીજી રીતે આનો ઉત્તર તર્કથી સિદ્ધ કરી શકીએ દા.ત. આપણું બાપ દાદાએ બાંધેલું મકાન હોય અને અત્યારે આપણે એમાં રહેતાં હોઈએ તો આપણે કહી શકીએ કે આપણા બાપા કે દાદાએ દીર્ઘ દૃષ્ટિ વાપરીને આપણા જન્મ પહેલાં એ મકાન બાંધ્યું છે. જેનો લાભ આજે આપણને મળતો હોય



તો આપણે એમ કહીએ કે એમની કરુણા દૃષ્ટિ આપણી પેઢીને સુખી કરવાની હતી. જેથી એમણે આ મકાન બાંધ્યું હતું. આજે પણ તેમની કરુણા વરસી રહી છે અને જ્યાં સુધી આ મકાન છે ત્યાં સુધી તેમની કરુણા હાજર રહેશે.

તેવી જ રીતે તીર્થંકર ભગવંતોએ આપણા જીવનને મોક્ષ માર્ગના રસ્તે ચઢાવવા આપણને અમુક જિન આજ્ઞાઓ આપી કે જેના પાલન દ્વારા આપણું જીવન શાંતિ ભર્યું અને સુરક્ષિત રહે અને ઉર્ધ્વગામી બને. આ આજ્ઞાઓ, ઉપદેશો અને પાલન કરવાના આચારોને આપણે જિનશાસન કહીએ છીએ અને એ રીતે આપણું જીવન સારું અને સુંદર બનાવીએ છીએ. તો ઉપરના દૃષ્ટાંત મુજબ આપણે કહી શકીએ કે ભગવાનની કરુણા જ્યાં સુધી જિનશાસન છે ત્યાં સુધી નિરંતર વરસે છે.

**પ્રશ્ન-૩ પાપનો નાશ કેવી રીતે થાય ?**

**જવાબ-૩** દુઃખ વખતે કર્મના વિપાકનું ચિંતન કરવાથી બીજા પર કરેલા અપકારોનું ઋણ ઉતરી જાય છે. કર્મ વિપાકનો વિચાર સર્વ પાપોનો નાશ કરે છે. પાપના પ્રાયશ્ચિત્તની બુદ્ધિથી, પાપ રહિત મહાપુરુષોને નમસ્કાર કરવાથી પાપનો નાશ થાય છે.

હવે પછી પ્રકરણોને અલગ અલગ શીર્ષકો દ્વારા પેટા વિભાગોમાં વિભાજીત કરવાની રીત અપનાવી છે. જેથી યાદ રાખવામાં સુગમતા પડે. એ અંગે ટુંકાણમાં સાર સમજવા અને યાદ રાખવામાં સરળતા રહે. વધુ વિસ્તાર માટે પરિશિષ્ટ-૨ દરેક શીર્ષક સામે ''ત્રૈલોક્ય દીપક મહામંત્રાધિરાજ નવકાર મહામંત્ર-વિવેચન'' ગ્રંથના પાના નંબર નોંધવામાં આવ્યો છે. તેમાંથી વિશેષ વાંચન કરીને માહિતી મેળવવી.

## નમસ્કાર ભાવાર્થ

ચાર વિભાગ (૧) નામ નમસ્કાર (૨) સ્થાપના નમસ્કાર (૩) દ્રવ્ય નમસ્કાર. (૪) ભાવ નમસ્કાર.

## (ઐદંપર્યાર્થ) રહસ્યભૂત અર્થ

માન કષાયનો અભાવ અથવા એ જેમાંથી ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વ અને અજ્ઞાનનો નાશ.

## મંત્ર અને વિદ્યા

જેનો પાઠ કરવા માત્રથી કાર્યની સિદ્ધિ થાય તેને મંત્ર કહે છે. જેને સિદ્ધ કરવા જપ, હવન આદિ ક્રિયા કરવી પડે તેને વિદ્યા કહે છે.

## નમસ્કાર અને વિનય

ધર્મનું મૂળ વિનય છે. એના વિના અભિમાનની પુષ્ટિ થાય. અને પતન થાય. નવકાર વિનય ગુણ સ્વરૂપ છે.

## નવકાર-ક્ષમા અને અહંકાર

પોતાની ભૂલની ક્ષમા માંગવી અને બીજાની ભૂલની ક્ષમા આપવી તે આરાધના છે. અહંકાર ઉપકારીને ઓળખવા નથી દેતો. અને પોતાના અપરાધને સ્વીકારવા નથી દેતો.

## નમસ્કારનાં પાંચ પ્રકારો

(૧) માર્ગ (૨) અવિપ્રણાસ (અવિનાશ) (૩) આચાર (૪) વિનય અને (૫) સહાય.

## નવકારનાં નવ રસ અને સ્થાયી ભાવો

(૧) શૃંગાર (૨) હાસ્ય (૩) કરુણ (૪) રૌદ્ર (૫) વીર (૬) ભયાનક (૭) બીભત્સ (૮) અદ્‌ભુત (૯) શાંતરસ સ્થાયી ભાવો :- (૧) રતિ (૨) હાસ્ય (૩) શોક (૪) ક્રોધ (૫) ઉત્સાહ (૬) ભય



(૭) જુગુપ્સા (૮) વિસ્મય (૯) શમ. આ ભાવો જન્મજાત છે. અપેક્ષાએ નવકારમાં તાત્ત્વિક રીતે ઘટી શકે છે.

## નમો અને મન

નમો દ્વારા મન = ન + મન એટલે મનને મનાવવું, નમાવવું અને અહંકાર રહિત બનાવવું. અહં જાય એટલે મમ જાય. મમ જાય એટલે શમ આવે. એટલે આત્મત્વ પ્રગટે.

## નવકારમાં નમો પદ છ વખત આવે

પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન. એકેક પદ ઉપર એક એક ઈન્દ્રિય અને છઠ્ઠા પદ વખતે મનને નિર્મળ કરી રહ્યો છું એમ વિચારવું. પોતાની અલ્પજ્ઞતા, અલ્પશક્તિઓ સભાન સ્વીકારે તો માથે ચઢી બેઠેલો માનકષાય પગની પાનીએ સ્થાન પામે છે.

## નવકારનાં પાંચ પદ અને અડસઠ અક્ષરો અને ૮ સંપદા

ઉપદેશ તરંગિણીમાં પરમાત્માએ પાંચ પદોને પંચ તીર્થ કહ્યા છે. નવકારના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થ તરીકે વખાણ્યા છે. આઠ સંપદાઓને આઠ મહાસિદ્ધિ કહી છે.

## નવકાર અને ધ્યાન

સર્વ ક્રિયા અને વ્યાપારને અટકાવીને તેનો લય કરવો તેને ધ્યાન કહે છે. એકાગ્રતામાંથી ખસેલા ચિત્તની ત્રણ અવસ્થાઓ છે. (૧) ભાવના (૨) અનુપ્રેક્ષા (૩) પદાર્થ ચિંતન આ ત્રણે ચપળ અધ્યવસાય છે.

## ભાવ નમસ્કાર

ગુણોમાં ઉપાદેય બુદ્ધિ એ ભાવ નમસ્કારનું પહેલું પગથીયું છે. સત્પુરુષોના ગુણોનું બહુમાન અને પ્રશંસા એ ધર્મરૂપી બીજનું સાચું વપન (વાવેતર) છે.

## નવપદ અને નવપુન્ય

(૧) અન્ન પુન્ય (૨) જલ પુન્ય (૩) વસ્ત્ર પુન્ય (૪) આસન પુન્ય (૫) શયન પુન્ય (૬) મન પુન્ય (૭) વચન પુન્ય (૮) કાય પુન્ય (૯) નમસ્કાર પુન્ય. આ રીતે નવપુન્ય એ નવપદના પ્રતીકરૂપ હોવાથી તેના આદર અને આચરણથી નવપદનું આરાધન થાય છે.

## નમસ્કાર અને ઋણમુક્તિ

પોતાના માથે ઋણ છે એમ માનનાર વ્યક્તિ આપોઆપ નમ્ર બને છે. નિરહંકાર રહે છે. જીવ કર્મથી બંધાયો છે. એ વિચાર જેમ નમ્ર બનાવે છે. તેમ કર્મથી મુક્ત આત્માઓ તરફ બહુમાન ભાવ લાવે છે. નમો મંત્ર અપકારનો બદલો સમતાભાવથી વાળે છે અને ઉપકારનો બદલો આત્મજ્ઞાની બનાવીને વાળે છે.

## નવકારનું પહેલું પદ દસ રીતે

(૧) A-અ-અભયદાન આપનારા અરિહંત ભગવંતો.

B-રિ-રત્નત્રયી યુક્ત, રિક્ત-કર્મથી રહિત સિદ્ધ ભગવંતો.

C-હં-કર્મને હણવા માટે ઉદ્યમ કરનારા સાધુ ભગવંતો.

D-ત-તપ-ત્યાગમય જિનધર્મનું શરણ.

એ રીતે પદ બોલતાં જિનધર્મની મંગલમયતા, લોકોત્તમતા અને શરણમયતાનો સ્વીકાર થાય છે.

(૨) અરિહંત -કર્મશત્રુને હણનારા, પાપને હણવાનો ભાવ દુષ્કૃત ગર્હામાંથી પ્રગટે છે. એ એનું મૂળ છે. અર્હત-પૂજાને યોગ્યભાવ, પૂજ્યના ગુણો જોવાથી જાણવાથી ચિંતવવાથી પ્રગટે છે. એટલે સુકૃત અનુમોદનારૂપ છે. અરહંત-ફરીથી જન્મ ન લેનારા જ શરણ આપી શકે. શરણાગતિ રૂપ છે.

(૩) નમો—દર્શનરૂપ-મૈત્રીની અભિવ્યક્તિ.



અરિહં—જ્ઞાનરૂપ-પ્રમોદની અભિવ્યક્તિ.

તાણં—ચારિત્રરૂપ-કારુણ્ય-માધ્યસ્થતાની અભિવ્યક્તિ.

(૪) નમો—મન વડે નમન-દ્રવ્યનું.

અરિહં—વચન વડે સ્તવન-ગુણનું.

તાણં—કાયા વડે પ્રણામ—પર્યાયનું.

(૫) નમો -મિત્રતા અને નમ્રતા લાવે છે.

અરિહં—ગુણ સાથે સંબંધ ધરાવે છે. પ્રમોદ, પ્રશંસા લાવે છે.

તાણં—પર્યાય સાથે સંબંધ-કારુણ્ય અને માધ્યસ્થતા લાવે છે.

(૬) નમો અરિહંતાણં—ભાવનથી—ચાર ભાવના અને મન વચન કાયાની તન્મયતાથી દર્શનજ્ઞાન ચારિત્રરૂપી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે.

(૭) નમો-નમ્રતાને વિકસાવે છે. કૃતજ્ઞતાથી સ્થિર થાય છે. અને તેમાંથી મૈત્રી અને કરુણા વિકસે છે.

(૮) નમો પદમાં જેમ નમ્રતા છે તેમ કૃતજ્ઞતા પણ છે.

(૯) નમો પદથી આરાધકભાવની ઉત્પત્તિ, વિરાધકભાવનો વ્યય, શુદ્ધભાવનો ધ્રૌવ્ય થાય છે. નમો = ઉત્પત્તિ = આરાધકભાવની, અરિહં = વ્યય = વિરાધકભાવનો તાણં = ધ્રૌવ્ય = આત્મતત્ત્વનું. અર્થાત્ નમોપદથી પોતાનામાં આરાધકભાવની ઉત્પત્તિ, વિરાધકભાવનો વ્યય અને શુદ્ધાત્મભાવનું ધ્રૌવ્ય સધાય છે.

(૧૦) નમો પદ મંગલ વાચક છે.

અરિહં પદ લોકોત્તમ વાચક છે.

તાણં પદ શરણ વાચક છે.

નમો પદ રૂપ સાધક અવસ્થામાંથી અરિહં પદ રૂપ સાધ્ય અવસ્થામાં જવાનું છે. અને તે બંને અવસ્થામાં આત્મતત્ત્વ કાયમ રહી

ને શરણ આપનારું છે. સાધક અવસ્થા મંગલરૂપ છે. સાધ્ય અવસ્થા લોકોત્તમ રૂપ છે. અને બંને અવસ્થામાં કાયમ રહેનાર આત્મતત્ત્વ શરણ સ્વરૂપ છે.

## પંચ પરમેષ્ઠિમાં આર્હન્ત્ય

સર્વમાં વ્યાપ્ત છે. આર્હન્ત્ય એટલે શ્રી અરિહંતની શક્તિ જે સામ્ય સ્વરૂપ છે. તે જ તેમનું આજ્ઞૈશ્વર્ય છે. તેમની આજ્ઞા ભેદભાવનો ત્યાગ કરી જીવરાશિ પ્રત્યે અભેદભાવ પ્રગટાવવાની છે. ભેદભાવમાંથી હિંસાદિ આશ્રવોની અને અભેદભાવમાંથી અહિંસાદિ અને ક્ષમાદિ સંવરરૂપ ધર્મોની ઉત્પત્તિ થાય છે. અર્થાત્ સામ્ય બુદ્ધિ વડે સમતાભાવની પ્રાપ્તિ થાય છે. એ આર્હન્ત્ય જ સાધુમાં બીજાને સહાયરૂપે, ઉપાધ્યાયમાં જ્ઞાનદાન રૂપે, આચાર્યમાં આચારના દાનરૂપે સિદ્ધમાં પૂર્ણતાના આવિર્ભાવરૂપે અને શ્રી અરિહંતમાં બધાના મૂળ રૂપે રહેલું છે.

## નમો અરિહંતાણંનો મર્મ

નમો પદ જીવને ચંદ્ર કરતાં પણ અધિક નિર્મળ બનાવે છે. અરિહંપદ જીવને સૂર્ય કરતાં પણ અત્યધિક તેજસ્વી બનાવે છે. નમો પદ વડે દુષ્કૃતનો સ્વીકાર અને અરિહંત પદ વડે સુકૃતનો સ્વીકાર થાય છે. દુષ્કૃત ગર્હાનું મૂળ કોમળતા છે. સુકૃત અનુમોદનાનું મૂળ તીક્ષ્ણતા છે. (તીક્ષ્ણતાના કારણે બીજાનો નાનો પણ ગુણ જોઈ શકે) અને શરણગમન ભાવનું મૂળ સંસાર પ્રત્યે ઉદાસીનતા છે. એટલે પાયાના ત્રણ ગુણોનો વિકાસ કરવાની શક્તિ શ્રી નવકારનાં પ્રથમ પદમાં રહેલી છે. પ્રાયશ્ચિતકરણએ સાધુતાનું લક્ષણ છે. વિશુદ્ધિ-કરણએ જ્ઞાનીનું લક્ષણ છે. વિશલ્યીકરણ એ ચારિત્રવાનનું લક્ષણ છે. પાપકર્મનો મૂળ વિઘાત એ સિદ્ધત્વનું લક્ષણ છે. તે માટેના પુરુષાર્થરૂપ કાયોત્સર્ગકરણ એ અરિહંતનું લક્ષણ છે. પાંચે પરમેષ્ઠિ ભગવંતોના પાંચ લક્ષણો કાયોત્સર્ગની ક્રિયામાં સમાયેલા હોવાથી



કેવલજ્ઞાન તે મોક્ષનું અસાધારણ કારણ છે.

## નમો પદનું મહાત્મ્ય

નમો એ વિનયનું બીજ છે. વિનયી થવાનું સૂચન કરે છે. વિનય ગુણ જ્ઞાની પુરુષોનો સમાગમ કરાવે છે. અને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા આત્મવિકાસમાં પ્રગતિ કરાવે છે. (૧) અરિહંત અને સિદ્ધને કરેલો નમસ્કાર મોક્ષનું બીજ છે.

(૨) આચાર્ય અને ઉપાધ્યાયને કરેલો નમસ્કાર એ વિનયનું બીજ છે. વિનય વડે વિદ્યાની પ્રાપ્તિ થાય છે. અને મોક્ષમાર્ગનું જ્ઞાન થાય છે.

(૩) સાધુને કરેલો નમસ્કાર એ શોધન બીજ છે. કેમકે તે પાપનું શોધન કરે છે. નમો પદ એ પાપનું પ્રાયશ્ચિત્ત છે. અર્થાત્ પંચપરમેષ્ઠિઓને કરેલા નમસ્કારમાં મોક્ષ બીજત્વ, વિનયબીજત્વ, અને કર્મ શોધકત્વ રહેલું છે.

## છ આવશ્યકમય શ્રીનવકાર

છ આવશ્યક, સ્વરૂપમાં અનુભૂતિ માટેની સંપૂર્ણ ક્રિયા છે. સામાયિક સાધન અને સાધ્ય બંને છે. સામાયિક માટે પ્રત્યાખ્યાન આદિ આવશ્યકો છે. સામાયિક નમો વડે થાય છે. સામાયિકમાં છ આવશ્યક છે. અને નવકારમાં સામાયિક છે.

## પ્રશ્ન દ્દષ્ટાનો જવાબ નવકારનું રહસ્ય

નમસ્કારથી એકબાજુ ઉપકારક તત્ત્વોની શરણાગતિ થાય છે. બીજીબાજુ ઉપેક્ષા અને વિરોધનું પાપ ધોવાય છે. ત્રીજી બાજુ ઉપેક્ષા અને વિરોધ કરનાર પણ જ્યારે શરણે જાય છે ત્યારે શરણ આપવા તત્પર એવા પંચ પરમેષ્ઠિ ભગવંતોના સુકૃતનું અનુમોદન થાય છે. એ રીતે નમસ્કારમાં શરણાગતિ, દુષ્કૃત ગર્હા, અને સુકૃત અનુમોદના એ ત્રણે એક સાથે રહેલાં છે. પહેલાં પાંચ પદો શરણાગતિ સૂચક છે.

વચલા બે પદ ગર્હા અને છેલ્લા બે પદો અનુમોદન અને તેના ફળને સૂચવે છે. આ રીતે આદિ, મધ્ય અને અંત મંગલ પણ તેમાં ગુંથાયેલા છે.

**પ્રશ્ન પનો જવાબ સર્વમંત્ર શિરોમણી શ્રીનવકાર**

સર્વ કર્મોમાં મુખ્ય મોહનીય કર્મ છે. તેનાં ક્ષયનું અસાધારણ કારણ શ્રીનવકારમંત્ર છે. મોહનીયમાં પણ માન-મોહનીય માનવને સર્વ દુરિતોમાં શિરોમણીભૂત છે. અર્થાત્ માનવને વધુમાં વધુ દુઃખ દેનારું અને પાડનારું છે. તેનો નાશ કરવાનું સામર્થ્ય નમસ્કાર મહામંત્રમાં છે. તેથી તે મંત્ર સર્વમંત્રમાં શિરોમણિ ગણાય છે. મદ અને માનનો ક્ષય, વિનય અને નમ્રતા ગુણથી જ સધાય છે. તે સિવાય બીજા બધા પ્રયત્નો તે બે દોષને વધારનારા જ થાય છે.

હવે નવપદથી નવ પુન્ય, છ આવશ્યક વગેરે પર આછી નજર કરીએ.

●●●

# પ્રકરણ-૨

નવપદ એટલે નમસ્કાર મહામંત્રના "નમો અરિહંતાણં"થી માંડીને "પઢમં હવઇ મંગલં" સુધીના નવપદ દરેક પદ જુદા જુદા પુણ્યનું ઉપાર્જન કરે છે.

**નવપદ અને નવપુન્ય**

| | |
|---|---|
| ૧. નમો અરિહંતાણં-અરિહંત | (૧) અન્ન પુન્ય :- પુન્યતત્ત્વના ઉપદેશક અરિહંત છે. તેમની મુખ્ય આજ્ઞા અહિંસા છે. એનો અર્થ અભયદાન. પ્રાણરક્ષા. અન્નદાનથી પ્રાણની રક્ષા થાય છે. માટે અન્ન પુન્યથી એમની આજ્ઞાનું પાલન અને અરિહંત પદની ઉપાસના થાય છે. |
| ૨. નમો સિદ્ધાણં—સિદ્ધ | (૨) જલપુન્ય :- બાહ્ય તૃષા હરવાનું સાધન જલ છે. તેના દ્વારા અન્યની તૃષા શાંત કરવાથી અંતે બાહ્ય-અભ્યંતર સર્વ તૃષ્ણાઓનો અંત થાય છે. સિદ્ધ દશા એ તૃષ્ણાઓના અભાવરૂપ હોવાથી જલપુન્ય એ સિદ્ધપદનું પ્રતીક છે. |
| ૩. નમો આયરિયાણં-આચાર્ય | (૩) વસ્ત્ર પુન્ય :- વસ્ત્ર દ્વારા શીલ અને સંયમનું રક્ષણ થતું હોવાથી વસ્ત્રપુન્ય એ આચાર્યનું |

| | |
|---|---|
| | પ્રતીક છે. |
| ૪. નમો ઉવજ્ઝાયાણં-ઉપાધ્યાય | (૪) આસનપુન્ય :- પોતાના સિવાય અન્યને બહુમાન આપવું તે. એનાથી વિનયગુણ કેળવાય છે. માન ઘટે છે. માટે આસન પુન્ય ઉપાધ્યાયપદનું પ્રતીક છે. |
| ૫. નમો લોએ સવ્વ સાહૂણં-સાધુ | (૫) શયનપુન્ય :- સુવા માટે આધાર આપવો તે. શયન પુન્ય છે. સાધુ સર્વને આધાર-આશ્રય આપનાર છે મોક્ષમાર્ગમાં સર્વને સહાય કરનાર છે. શયનપુન્ય દ્વારા સાધુતાનો ભાવ વિકાસ પામે છે. માટે શયનપુન્યએ સાધુપદનું પ્રતીક છે. |
| ૬. સમ્યક્ દર્શન | (૬) મન પુન્ય :- સર્વ જીવોનું હિતચિંતન આદિ મનવડે થતું હોવાથી મનપુન્ય સમ્યક્ દર્શનનું પ્રતીક છે. |
| ૭. સમ્યક્ જ્ઞાન | (૭) વચન પુન્ય :- વાણી જ્ઞાનનું પ્રતીક છે. હિત-મિત-પથ્યવાણી બોલવાથી જ્ઞાનપદની જ આરાધના થાય છે. તેથી તે સમ્યક્ જ્ઞાનનું પ્રતીક છે. |
| ૮. સમ્યક્ ચારિત્ર | (૮) કાયા પુન્ય :- કાયા દ્વારા સુપાત્રની ભક્તિ કરવાથી સેવા કરવાથી, ચારિત્રધર્મ પાલનનું |



| | |
|---|---|
| | બળ પ્રાપ્ત થાય છે. માટે એ ચારિત્રપદનું પ્રતીક છે. |
| ૯. સમ્યક્ તપ | (૯) નમસ્કાર પુન્ય :- નમસ્કાર વિનય સ્વરૂપ છે. તે અભ્યંતર તપ છે. તેથી તે તપપદનું પ્રતીક છે. |

આ રીતે નવપદ એ નવપુન્યના પ્રતીક રૂપ હોવાથી તેના આદર બહુમાન આચરણથી નવપદનું જ આદર બહુમાન અને આરાધન થાય છે. નવપુન્યના સેવનથી અઢાર પાપની શુદ્ધિ અને તે પાપ ન કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે. જેમ પ્રકાશનાં આગમનથી અંધકાર સહજ રીતે ચાલ્યો જાય છે તેમ પુન્યના પ્રકાશથી પાપ અંધકાર પણ આપોઆપ વિલીન થઈ જાય છે.

### છ આવશ્યકમય શ્રી નવકાર

| | |
|---|---|
| (૧) નમો | (૧) સામાયિક આવશ્યક |
| (૨) અરિહંતાણં-સિદ્ધાણં | (૨) ચતુર્વિંશતિ સ્તવ. |
| (૩) આયરિયાણં-ઉવજ્ઝાયાણં લોએ સવ્વ સાહૂણં. | (૩) ગુરુ વંદન |
| (૪) એસો પંચનમુક્કારો-સવ્વપાવપણસણો | (૪) પ્રતિક્રમણ. |
| (૫) મંગલાણં ચ સવ્વેસિં | (૫) કાયોત્સર્ગ. |
| (૬) પઢમં હવઈ મંગલં | (૬) પ્રત્યાખ્યાન. |

પહેલું આવશ્યક સામાયિક નમો પૂર્વક જ છે. 'નમો' વડે યોગનું આઠમું 'સમાધિ' નામનું અંગ સધાય છે.

સમાધિ માટે દેવતત્ત્વનું ધ્યાન કરવાનું છે. અરિહંતાણં-સિદ્ધાણં

એટલે જ ચતુર્વિંશતિ.

આયરિયાણં-ઉવજ્ઝાયાણં અને લોએ સવ્વસાહૂણં એ સ્પષ્ટપણે ગુરુવંદન છે. તેમાંથી દેવના ધ્યાન માટેની ધારણા પ્રાપ્ત થાય છે.

એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો એ પ્રતિક્રમણ છે. અને તેનું ફળ પ્રત્યાહાર છે. મંગલાણં ચ સવ્વેસિં કાયોત્સર્ગમાં જ સર્વ મંગલ રહેલાં છે. કાયોત્સર્ગ સર્વ મંગલ સ્વરૂપ છે.

''પઢમં હવઈ મંગલં'' કાયોત્સર્ગમાં પ્રવેશ માટે પ્રત્યાખ્યાન જ પ્રથમ મંગલ છે. છ એ આવશ્યકોની આ અર્થ ભાવના છે.

**પંચ અવસ્થા ભાવન**

| | |
|---|---|
| અરિહંત—આલંબને | અભય થવું. |
| સિદ્ધ—આલંબને | અકરણ થવું-યોગ નિરોધ કરવો. |
| આચાર્ય—આલંબને | અહમિન્દ્ર-પોતે સર્વતંત્ર-સ્વતંત્ર |
| ઉપાધ્યાય—આલંબને | તુલ્ય-પોતાને પરમાત્મતુલ્ય ભાવવું. |
| સાધુ—આલંબને | કલ્પ અવસ્થા (તે જ એટલે પોતે પરમાત્મા છે એમ સર્વ રીતે ભાવવું તે કલ્પસાધુપદ છે) |

**પંચ અવસ્થા ભાવન**

પાંચ પદની ભાવનાઓ આત્મસાત્ બને એટલે શ્રીનવકાર આત્મસાત્ બને. સ્વઆત્મપૂર્ણતાની અનુભૂતિ થાય. પહેલાં ચાર પદ સંભેદ પ્રણિધાન એટલે ભેદયુક્ત એકાગ્રતા છે. પાંચમાં પદમાં અભેદ પ્રણિધાન એટલે પોતે જ પરમાત્મા છે એમ ભાવવું.

**શ્રીનવકાર ત્યાં જૈનત્વ**

શ્રીનવકાર જાણે તે જૈન અને શ્રી નવકાર ગણે તે જૈન. એમ



જ્ઞાન અને ક્રિયા બંનેનું સ્વરૂપ, મોક્ષમાર્ગનું આરાધન, પ્રત્યેક જૈનને રહેલું છે. સર્વ પાપનો અર્થાત્ સ્વાર્થભાવનાનો તેથી નાશ થાય અને સર્વ મંગલમાં પ્રધાન પરોપકાર ભાવરૂપ મંગલની પ્રાપ્તિ થાય છે. જૈન એટલે જ્ઞાન દર્શન ચારિત્ર વડે રાગ-દ્વેષ અને મોહને જીતવાની જિનાજ્ઞાનું મન વચન કાયાથી પાલન કરનાર.

નમસ્કાર ધર્મનો મર્મ, એના પ્રકારો વગેરે ઘણા મહત્વના છે. યોગદષ્ટિએ નમસ્કાર અને એના આઠ અંગો વગેરે વિચારણા આ પછીનાં પ્રકરણમાં જોઈએ.

●●●

# પ્રકરણ-૩

નમસ્કાર ધર્મનો મર્મ, એના ચાર પ્રકારો, યોગદષ્ટિએ નમસ્કાર અને એના આઠ અંગો વગેરે આ પ્રકરણમાં આવરી લઈએ.

ધર્મના મૂળમાં સમકિત છે. અને તે દેવ ગુરુને નમસ્કારરૂપ છે. ઉપદેશ, યુક્તિ, દષ્ટાંત અને સહવાસથી નમસ્કાર ગુણ વિકસે છે. અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી. નમસ્કાર ઉપકારીઓને ભૂલવા દેતો નથી.

### નમસ્કાર ધર્મનો મર્મ

(૧) પોતાથી થયેલી ભૂલની હાર્દિક ક્ષમા યાચવી બીજાથી થયેલી ભૂલની ક્ષમા આપવી. તે અહિંસા ધર્મની આરાધના. જેને નમસ્કાર ધર્મની આરાધના કહે છે.

(૨) વિષયો પ્રત્યેની નમનશીલતાનો ત્યાગ અને પરમેષ્ઠીઓ પ્રત્યે નમનશીલતા કેળવવી તે નમસ્કાર ધર્મ છે.

(૩) બાહ્ય પદાર્થો પ્રત્યેની તૃષ્ણાનો ત્યાગ કરી આત્મતૃપ્ત રહેવાનો અભ્યાસ કરવો તે પણ નમસ્કાર ધર્મ છે.

(૪) જાતિ, કુલ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ, વૈભવ, યશ આદિ ઔદયિક ભાવો પ્રત્યે નમ્રભાવ અહોભાવ તે ધર્મ નથી. ક્ષાયિક ઔપશમિક આદિ ભાવો પ્રત્યે નમ્રભાવ તે ધર્મ છે.

### યોગદષ્ટિએ નમસ્કારનાં અધિકારી

યમ-સમિતિ, ગુપ્તિથી યુક્ત સાધક નમસ્કાર મહામંત્રાનો અધિકારી બને છે. મૂળ ગુણો, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. નિયમ-પાંચ પ્રકારે, આસન-ચાર પ્રકારે. પ્રાણાયામ દ્વારા ઈન્દ્રિયો અને અંતઃકરણના બાહ્ય વેગોનો નિરોધ, ઈન્દ્રિયોના બે છેડા-મૂળ ચેતનમાં અને મુખ પોત પોતાના વિષયોથી



સંલગ્ન અને તે તરફ વેગવાળા છે. જે પરમ વિષરૂપ છે.

### ઈન્દ્રિય જનીત સુખ

વિષય ઉપભોગથી થનારું સુખ પરાધીન, અપવિત્ર, ચિત્તને સ્થૂલ કરનાર, ભય-ભરેલું, અધમસ્થિતિએ પહોંચાડનારું શાંતિનો ઘાત કરનાર, અતૃપ્તિ ઉપજાવનારું, બળને હરનારું, કૃત્રિમ, ક્ષણક્ષયી, હિત વિઘાતક, આતુરતા અને ખેદ ઉપજાવનારું, તથા ઉન્મત્તપણાને વધારનારું છે.

### નમસ્કારથી મનોમય કોષ શુદ્ધિ

માનવ મનનાં અહંકાર અને આસક્તિ એ બે મોટા દોષ છે. બીજાના ગુણ જોવાથી અને પોતાના દોષ જોવાથી અહંકાર અને આસક્તિ જાય છે. નમસ્કાર એ બીજાના ગુણ જોવાની અને પોતાના દોષ દૂર કરવાની ક્રિયા છે.

### બુદ્ધિની નિર્મળતા અને સૂક્ષ્મતા

નમસ્કાર શુભકર્મ હોવાથી તેના વડે બુદ્ધિ તીક્ષ્ણ બને છે. એમાં ભક્તિની પ્રધાનતા હોવાથી બુદ્ધિ વિશાળ બને છે.અને તેમાં સમ્યક્જ્ઞાન હોવાથી બુદ્ધિ સૂક્ષ્મ બને છે. બુદ્ધિના અનેક દોષો જેવા કે મંદતા, સંકુચિતતા, સંશયયુક્તતા, મિથ્યાભિમાનીતા, આદિ નાશ પામે છે. સ્વાર્થાંધતાના કારણે બુદ્ધિ મંદ પડે છે. કામાંધતાથી કુબુદ્ધિ બને છે. લોભાંધતાથી દુર્બુદ્ધિ બની જાય છે. ક્રોધાંધતાથી સંશયી બની જાય છે. માનાંધતાથી મિથ્યા બની જાય છે. કૃપણતાંધતાથી સંકુચિત બની જાય છે. નમસ્કારથી ચિત્ત જ્યારે નિર્મલપણે પ્રકાશી ઉઠે છે ત્યારે સમતા, ક્ષમા, સંતોષ, નમ્રતા, ઉદારતા નિઃસ્વાર્થતા આદિ ગુણો તેમાં પ્રગટ થાય છે.

### રાગદ્વેષ અને મોહનો ક્ષય

રાગદોષનો પ્રતિકાર જ્ઞાનગુણ વડે થાય છે. જ્ઞાની મુમુક્ષુ

પોતાના દુષ્કૃત્યને જોઈ શકે છે. ગર્હા કરે છે. દ્વેષ દોષનો પ્રતિકાર દર્શન ગુણ વડે થાય છે. નમસ્કારમાં રહેલાં અરિહંત આદિના ગુણો વિશે પ્રમોદભાવ ઉત્પન્ન થાય છે. તે દ્વેષ દોષને ટાળે છે. ઉપલા બે ગુણો સાથે જ્યારે ચારિત્રગુણ ભળે છે. ત્યારે મોહદોષનો મૂળથી ક્ષય થાય છે. મોહ જવાથી પાપ અટકે છે. પોતાનાથી દુઃખીના દુઃખને દૂર કરવાની બુદ્ધિરૂપી દયાથી પોતાનું દુઃખ ને તેથી આવેલી દીનતા દૂર થાય છે.

## નમસ્કાર ધર્મનો મર્મ

### ધર્મ

- ધર્મનું મૂળ જીવો પ્રત્યે સ્વતુલ્ય દૃષ્ટિ
- જપએ ભક્તિનો એક પ્રકાર છે. તેનાથી મૈત્રી, માધ્યસ્થ અને કરુણા પ્રગટે છે. આત્મા પ્રત્યે આદર ધારણ થાય છે. જીવમાત્ર પ્રત્યે અનુરાગ થાય છે.
- ચૈતન્ય પ્રેમથી-શમ, દમ, સંતોષ ગુણ પ્રગટે છે.
- નમવું તે જ્ઞાન-વિવેકનું ફળ છે.
- આત્મતત્ત્વ અને સૌથી ઉપકારીને નમન કરવાથી ગુણ પ્રકટે છે.
- પરાર્થ છે ત્યાં નમસ્કાર છે. મંગલ છે.
- નમસ્કાર ધર્મનું મૂળ છે.
- નમસ્કાર પરમાત્માની આજ્ઞા સાથે જોડે છે.

### પાપ

- પાપનું મૂળ પુદ્ગલાસક્તિ છે.
- કામ, ક્રોધ, લોભ, અને મોહને ઉત્તેજન આપે છે.
- પુદ્ગલ પ્રત્યેના રાગથી જડ પ્રત્યે લાગણી વધે છે.
- જડને નમવું તે અહિતનો માર્ગ છે. જડને નમવાથી ચૈતન્યનું અપમાન છે.
- સ્વાર્થ છે ત્યાં બીજાનો તિરસ્કાર છે. અધર્મ છે. અમંગલ છે.
- અહંકાર પાપનું મૂળ છે.
- અહંકાર આજ્ઞાથી અલગ કરે છે.
- અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી.
- અહંકાર કર્મબંધ કરાવે છે.
- અહંકાર પતનનો પાયો છે.



- નમસ્કાર ઉપકારીઓને ભૂલવા દેતો નથી.
- નમસ્કાર વડે ઋણ અને કર્મથી મુક્ત થવાય છે.
- નમસ્કાર ધર્મની આરાધનાનો પાયો છે.
- નમસ્કારથી નમ્રતા અને વિનયગુણ કેળવાય છે.
- નમસ્કાર મંત્રમાં પ્રથમ બે પદમાં વિતરાગતાની ભક્તિ છે. બાકીના ત્રણમાં નિર્ગ્રન્થતાની ભક્તિ છે.
- નમસ્કાર જૈનોનો મૂળ મંત્ર છે.
- નમસ્કાર નમ્રતા ગુણ ખીલવે છે.
- નમસ્કારથી કઠોરતા, કૃપણતા અને કૃતઘ્નતા નાશ પામે છે. કોમળતા, ઉદારતાને કૃતજ્ઞતા વિકસે છે.
- પાંચેને કરેલો નમસ્કાર એ પાંચેમાં રહેલા સંવર ગુણને જ નમસ્કાર છે.
- નમસ્કારમાં આજ્ઞા, આજ્ઞાપાલક અને આજ્ઞાકારકને નમસ્કાર હોવાથી દીપકની જેમ પ્રકાશ આપે છે.
- નમસ્કાર પ્રાણોને ઉત્ક્રમણ કરાવે છે.
- નમસ્કાર સન્માનનું સર્વોચ્ચ દાન કરાવે છે.

- અહંકારથી ઉપેક્ષા-તિરસ્કાર દૃઢ બને છે.
- તિરસ્કાર કરવાથી તે કરનાર સ્વયં તિરસ્કૃત થાય છે અર્થાત્ આપ મેળે આત્મભાવથી ભ્રષ્ટ થાય છે.
- જેટલો અહંકાર એટલું સત્યનું પાલન ઓછું અને કષાયોનું બળ વધારે.
- અહંકાર આશ્રવ, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગ વધારે છે.

## યોગદષ્ટિએ નમસ્કાર (યોગના આઠ અંગ)

| (૧) મૂળ ગુણ | (૨) યમ નિયમ | (૩) આસન | (૪) પ્રાણાયામ: સંપાદિત યોગ | (૪) પ્રાણાયામ: તજવા યોગ | (૫) ઇન્દ્રિય પ્રત્યાહાર: અપનાવો | (૫) ઇન્દ્રિય પ્રત્યાહાર: છોડો | (૬) ધારણા | (૭) ધ્યાન | (૮) સમાધિ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અહિંસા<br>૨ સત્ય<br>૩ અચૌર્ય<br>૪ બ્રહ્મચર્ય<br>૫ અપરિગ્રહ | ૧ બાહ્ય અને આંતર શૌચ<br>૨ સંતોષ<br>૩ આહાર<br>૪ સ્વાધ્યાય<br>૫ સ્વાર્થ-વૃત્તિનો ઉચ્છેદ. | ૧ સિદ્ધાસન<br>૨ પદ્માસન<br>૩ સ્વસ્તિકાસન<br>૪ સુખાસન | ૧ વિષયચિત્ત નિરોધ<br>૨ સાધ્યાસાધ્ય વિચાર<br>૩ ધૈર્ય સહનશીલતા રૂપ<br>૪ દઢજ્ઞાન વિષયો મિથ્યા છે આત્મા સત્ય છે<br>૫ ગુરુ-શાસ્ત્ર માં વિશ્વાસ<br>૬ વિષયી જનનો પરિત્યાગ | ૧ શરીર આદિનું ચંચળપણું<br>૨ અતિ આહાર<br>૩ અતિ પરિશ્રમ<br>૪ નિરર્થક બહુ બોલવું<br>૫ ઉગ્ર નિયમો | ૧ ઇન્દ્રિયોનાં વેગને ઉલટાવો<br>૨ ચંચળતા દૂર કરવી.<br>૩ ધૈર્ય અને વિવેકથી ઇન્દ્રિયોને વશ કરો.<br>૪ વિષય નિવૃત્તિ. | ૧ ઇન્દ્રિયના વિષયો<br>૨ વિષય સુખો<br>૩ બહિર્મુખતા<br>૪ કુસંગ | ઉપરનાં પાંચ અંગોનું પાલન કરી ધારણા અને ધ્યાનનાં અધિકારી બનાય | નવકારમાં ચિત્તને જોડવાથી એકાગ્રતાથી ધ્યાન. | ધ્યાન અને ધ્યેયની તદ્ રૂપતા |



## નિર્વેદ સંવેગ રસ

સુખીનું સુખ જોઈને પ્રમોદ ભાવની ધારણા કરવાથી પોતાના સુખનો મિથ્યા દર્પ કે ગર્વ ગળી જાય છે. દીનતા કે દર્પ, ભય કે દ્વેષ, ખેદ કે ઉદ્વેગ, વગેરે ચિત્તના દોષોનું નિવારણ કરવા ગુણાધિકની ભક્તિ અને દુખાધિકની દયા એ સરળ અને સર્વોત્તમ ઉપાય છે. જે દોષ પોતાને બાધક લાગે તેને દૂર કરવાનો ઈલાજ તે દોષથી મુક્ત થયેલા મુનિઓના ગુણોને વિષે પ્રમોદભાવ ધારણ કરવો તે છે. કામદોષનો પ્રતિકાર સ્થૂલભદ્ર મુનિનું ધ્યાન છે. ક્રોધ દોષનો પ્રતિકાર ગજસુકુમાલ લોભ દોષનો પ્રતિકાર શાલિભદ્ર, માનદોષનો પ્રતિકાર બાહુબલિ, મોહનો પ્રતિકાર જંબૂ સ્વામી, મદ-માન અને તૃષ્ણા પ્રતિકાર મલ્લિનાથ, નેમનાથ, ભરત ચક્રવર્તી આદિ મહાન આત્માઓનું ધ્યાન તે તે દોષોનું નિવારણ કરનાર થાય છે.

## ઈષ્ટ તત્ત્વની અચિંત્ય શક્તિ

પરમાત્મ તત્ત્વને, તેની શક્તિને ન માનનારને પોતાનો 'અહં' એ જ પરમાત્માનું સ્થાન લે છે. સર્વ સમર્થનું શરણ લીધા વિના 'અહં' કદી ટળતો નથી. નમસ્કારમાં 'અહં'ને ઓગાળવાની શક્તિ છે. વિનય અહંકારને ઓગાળે છે. નમસ્કારમાં નમો પાંચ વખત આવે છે એટલે પાંચ વાર 'અહં'ને નમવું પડે છે એવી જ રીતે બાર 'અ'કાર આઠ 'સ'કાર વગેરે જુદી જુદી વસ્તુઓને જણાવે છે. આમ જોઈએ તો નવકારમાં સર્વ સંગ્રહ છે. તે અને બીજી વાતો હવે પછીના પ્રકરણમાં તપાસીએ.

●●●

# પ્રકરણ-૪

## સ્વદોષ દર્શન અને પરગુણ દર્શન

રાગ જવાથી પોતાનો દોષ દેખાય છે. દ્વેષ જવાથી બીજાના ગુણ દેખાય છે. મોહ જવાથી શરણભૂત આજ્ઞાનું સ્વરૂપ જણાય છે. જીવને સૌથી અધિક રાગ સ્વ ઉપર હોય છે. તેના કારણે પોતાના અનંતાનંત દોષોનું દર્શન થતું નથી સ્વજાતનો રાગ પર પ્રત્યે દ્વેષનો આવિર્ભાવ કરે છે. એના પ્રભાવે પરગુણ દર્શન થતું નથી. એથી મોહનો ઉદય થાય છે. બુદ્ધિ અવરાય છે.

## અરિહંતાદિ ચારનું અવલંબન બોધ

પરાર્થ વૃત્તિરૂપી દુષ્કૃત ગર્હા, કૃતજ્ઞતા ગુણના પાલન વડે સુકૃત અનુમોદના અને તે ગુણોને વરેલા મહાપુરુષોની શરણાગતિ એ ત્રણ ઉપાયો વડે જીવની મુક્તિગમન યોગ્યતા વિકસે છે. આત્માર્થી આત્મામાં, આત્માને જાણવાનું સાધન અરિહંતાદિ ચારનું શરણ અને સ્મરણ છે.

## વીતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ

સૂઝ એટલે શોધ અર્થાત્ જિજ્ઞાસા અને બૂઝ એટલે જ્ઞાન વીતરાગ અવસ્થાની સૂઝબૂઝ દુષ્કૃત ગર્હા અને સુકૃતાનું મોદનની અપેક્ષા રાખે છે. એ બે હોય ત્યારે રાગ-દ્વેષની તીવ્રતા ઘટી જાય છે.

## શરણ ગમન વડે ચિત્તનું સમત્વ

સમગ્ર વિશ્વતંત્ર પ્રભુના જ્ઞાનમાં ભાસે છે. અને તે જ રીતે પ્રવર્તિત થાય છે તેથી પ્રભુને આધીન રહેનારને વિશ્વની પરાધીનતા મરી જાય છે. વિશ્વને આધીન પ્રભુ નથી પણ પ્રભુના જ્ઞાનને આધીન વિશ્વ છે. એવી પ્રતીતિ થાય છે. અને તેથી ચિત્તનું સમત્વ અખંડપણે જળવાઈ રહે છે.



## મંત્ર ચૈતન્યની જાગૃતિ

ભાષા વર્ગણાથી શ્વાસોશ્વાસ સૂક્ષ્મ છે. મનોવર્ગણા તેથી પણ સૂક્ષ્મ છે. તેનાથી વધારે સૂક્ષ્મ કર્મ વર્ગણા છે તેના ક્ષય-ક્ષયોપશમથી અંતર્મુખવૃત્તિ અને આત્મજ્ઞાન થવા લાગે છે. તેનું નામ મંત્ર ચૈતન્યની જાગૃતિ છે.

## કૃતજ્ઞતાને સ્વતંત્રતા

કૃતજ્ઞતાએ વ્યવહારધર્મનો પાયો છે. સ્વતંત્રતા એ નિશ્ચયધર્મનું મૂળ છે. આત્મા અને કર્મને સંયોગ સંબંધ છે. અને તે વિયોગના અંતવાળો છે. કર્મના સંબંધનો અંત છે તે બતાવનારા તીર્થંકર ભગવંતો અનંત ઉપકારી છે. તેમના પ્રત્યે નિત્ય આભારની લાગણીવાળા રહેવું અને બદલો વાળવાની પોતાની અશક્તિને નિરંતર કબૂલ રાખવી તે વ્યવહારધર્મનું મૂળ છે અને તે જ નિશ્ચયધર્મ પામવાની સાચી યોગ્યતા છે. 'નમો' મંત્રની ઉપાસના એ કૃતજ્ઞતા ગુણના પાલન દ્વારા સ્વતંત્રતા તરફ લઈ જનારી સિદ્ધ પ્રક્રિયા છે. તેથી તેને સેતુની ઉપમા પણ ઘટે છે.

## નવકારમાં સર્વસંગ્રહ

- ૨૪ મૂળમંત્રના ૨૪ ગુરુ અક્ષરો ૨૪ તીર્થંકરોને અને ૧૧ લઘુ અક્ષર ૧૧ ગણધરોને જણાવે છે.
- ૧૪ 'ન'કાર છે (પ્રાકૃત ભાષામાં 'ન' અને 'ણ'બંને વિકલ્પે આવે છે.) તે ૧૪ પૂર્વો રૂપી શ્રુતજ્ઞાનનો સાર છે તેવી પ્રતિતી કરાવે છે.
- ૧૨ 'અ' કાર તે દ્વાદશાંગીના બાર અંગોને જણાવે છે.
- ૯ 'ણ'કાર નવનિધાનને સૂચવે છે.
- ૮ 'સ'કાર આઠ સિદ્ધિને સૂચવે છે.

- ૫ 'ન'કાર પાંચ જ્ઞાનને સૂચવે છે.
- ૫ 'પ'કાર પાંચ પરમેષ્ઠિને સૂચવે છે.
- ૩ 'લ'કાર ત્રણ લોકને સૂચવે છે.
- ૩ 'હ'કાર આદિ, મધ્ય, અંત્ય મંગલને સૂચવે છે.
- ૩ 'ર'કાર જ્ઞાન દર્શન ચારિત્રરૂપી ત્રણ રત્નોને સૂચવે છે.
- ૩ 'ય'કાર મન, વચનને કાયાના ત્રણ યોગને સૂચવે છે.
- ૨ 'ચ'કાર દેશ અને સર્વ વિરતી ચારિત્રને સૂચવે છે.
- ૨ 'ક'કાર બે પ્રકારના ઘાતિ-અઘાતિ કર્મોને સૂચવે છે.
- ૨ 'ગ'કાર ગુરુ અને પરમગુરુ એમ બે પ્રકારના ગુરુને સૂચવે છે.
- ૨ 'એ'કાર સાતમો સ્વર હોવાથી સાત રાજ ઉર્ધ્વ અને ૭ અધોને સૂચવે છે.
- ૧ 'ઢ'કાર જે પાપના ઢગલાનો નાશ કરનાર છે.
- ૧ 'ત' કાર જે સંસાર સાગરમાં તરવૈયાની ગરજ સારે છે.
- ૧ 'ઈ'કાર જે માનવનો ઈષ્ટદેવ નવકાર એક છે તે જણાવે છે.
- ૬૮ અક્ષરો આ મંત્રના ૬૮ તીર્થના સારરૂપ મહામંત્ર હોવાનું સૂચવનારા છે.

## નમો મંત્રનું અનાહત સ્વરૂપ

નમ્રતા એ સર્વ ગુણોની ટોચ છે. પોતાની જાતને અણુથી પણ અણુ જેટલી માનનાર જ મહાનથી મહાન તત્ત્વની સાથે સંબંધમાં આવી શકે છે. પૂર્ણતા એ શૂન્યતાનું જ સર્જન છે. નમો મંત્રમાં શૂન્યતા છુપાયેલી છે. તેથી જ તે પૂર્ણતાનું કારણ બને છે. પરમાત્મા



જ્ઞાનગ્રાહ્ય નથી પણ ભાવગ્રાહ્ય છે. છદ્મસ્થો માટે જ્ઞાનનો જ્યાં અંત છે ત્યાં ભાવનો પ્રારંભ છે.

જ્ઞાન દ્વૈત સ્વરૂપ છે. કારણ કે તે પૃથક્કરણ કરે છે. જ્યારે ભાવ અદ્વૈત સ્વરૂપ છે. કારણકે તે એકીકરણ કરે છે. આથી પરમાત્મા સાથેનું અદ્વૈત, નમસ્કારભાવ દ્વારા જ સાધી શકાય છે. ભાવની ઉત્પત્તિ જ્ઞાનથી છે પણ જ્ઞાન પોતે ભાવ સ્વરૂપ નથી. ભાવમાં જ્ઞાન તો છે જ પણ તેથી કાંઈક અધિક હોવાથી ભાવ પૂજ્ય છે. ભાવશૂન્ય જ્ઞાનની કિંમત કોડીની નથી. અલ્પજ્ઞાનથી યુક્ત પણ શુદ્ધ ભાવની કિંમત અગણિત છે. સમતા ભાવ સર્વ માટે સમાન ભાવ ધરાવે છે. તેથી તે અનાહત છે. જ્ઞાનથી અજ્ઞાન ટળે છે. તે વાત સાચી છે. તો પણ અધૂરું જ્ઞાન જ્યાં સુધી છે ત્યાં સુધી તેનો પણ અહંકાર થવાનો સંભવ છે તેથી જ્ઞાન જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી નમ્રતા પરમ આવશ્યક છે. ભાવ જ્યાં સુધી વિશ્વવ્યાપી ન બને ત્યાં સુધી તે આહત છે. તે જ્યારે સર્વ વ્યાપી બને ત્યારે અનાહત થાય છે.

## તાત્ત્વિક ભવનિર્વેદ અને મોક્ષ અભિલાષ

આ મંત્ર નમામિ અને ખમામિ શીખવે છે. વ્યવહારધર્મનું બીજ કૃતજ્ઞતા અને ક્ષમાપના છે. કૃતજ્ઞતાથી ઉત્પન્ન થતાં ક્ષમાપનાના મૂળ ઘણાં ઉંડા હોય છે. જેટલો ઉપકાર હું લઉં છું. તેટલો ઉપકાર હું બીજાને કરી શકતો નથી. તેના ખેદમાંથી ઉત્પન્ન થતી ક્ષમાપના જીવની અત્યંત શુદ્ધિ કરી આપે છે. હું જેટલાનો ઉપકાર લઉં છું તેનાથી અધિક ઉપકાર બીજા પર કરી શકું તે આ સંસારમાં શક્ય નથી. તેથી અનંતકાળ પર્યંત જ્યાં પરોપકાર થઈ શકે તેવું જે સિદ્ધપદ છે તેને મેળવવાની તીવ્ર ઝંખના ઉત્પન્ન થાય છે તે જ તાત્ત્વિક ભવનિર્વેદ અને તાત્ત્વિક મોક્ષ અભિલાષા છે.

## પ્રશ્ન-૩ નો જવાબ પાપ નાશક અને મંગલ ઉત્પાદક મંત્ર

શ્રી અરિહંતોને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશક છે. અને

સર્વ મંગલનો ઉત્પાદક છે. તેનું મુખ્ય કારણ શ્રી અરિહંતોનું કેવલજ્ઞાનમય સ્વરૂપ છે જ્ઞાનસ્વરૂપ રાગાદિ પાપોનું નાશક છે. અને મૈત્રી આદિ ભાવોનું ઉત્પાદક છે. હર્ષશોકનું મૂળ સુખ-દુઃખનું દ્વન્દ્વ છે. અને રાગ-દ્વેષનું મૂળ શત્રુ-મિત્રભાવની વૃત્તિ છે. કષાય ભાવ મોટે ભાગે જીવ સૃષ્ટિ પ્રત્યે અને વિષયભાવ મુખ્યતઃ નિર્જીવ સૃષ્ટિ પ્રત્યે હોય છે. પરમેષ્ઠિ નમસ્કાર પ્રથમ અભિમાન રૂપી પાપનો નાશ કરે છે. અને પછી નમ્રતારૂપી ગુણ પરમ મંગળને અપાવે છે. અહંકારના નાશથી કષાયનો નાશ અને નમ્રતાના ભાવથી સર્વ શ્રેષ્ઠ 'વિષય' (ધર્મ મંગળ)નો લાભ થાય છે. તેથી તુચ્છ વિષયો પ્રત્યેની આસક્તિ છૂટી જાય છે.

ભાવકર્મનું કર્તૃત્વ અને કર્મફળનું ભોકતૃત્વ છોડીને જીવ જ્યારે તેનું જ્ઞાતૃત્વ અને દૃષ્ટત્વ માત્ર પોતામાં સ્થિર કરે ત્યારે તે નિશ્ચયતત્ત્વનો સાતા બની મોક્ષ માર્ગે પ્રયાણનો પ્રારંભ કરે છે. એક ઋણ ઉપકાર લેવાથી થાય છે બીજુ ઋણ અપકાર કરવાથી થાય છે. આથી ઉભય ઋણની મુક્તિ માટે નમામિ અને खमामि બંને ભાવોની આરાધનાની સરખી જરૂર છે.

### નમસ્કારથી કર્મક્ષય

ઉદયમાં આવેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે. તેને જ્ઞાની જ્ઞાનથી, અજ્ઞાની અજ્ઞાનથી એટલે આર્ત-રૌદ્ર ધ્યાનથી વેદે છે. ઉદયમાં આવવા સન્મુખ થયેલાં કર્મમાં વર્તમાનના શુભાશુભ ભાવથી ફેરફાર થઈ શકે છે. તેનાથી કર્મસ્થિતિ અને અશુભભાવ ઘટી જાય છે. ને શુભરસ વધી જાય છે. તેથી ઉદયાગત કર્મ સમતા ભાવે વેદાઈ જતું હોવાથી તેનો નિરનુબંધ ક્ષય થઈ જાય છે.

### નમો મંત્ર વડે અહંતા અને મમતાનો ત્યાગ

અહંતા અને મમતા સંસારમાં ભટકાવનારી વસ્તુ છે. અહંતા એટલે કર્મનો કર્તા માત્ર હું જ છું. એવી બુદ્ધિ. મમતા એટલે કર્મના



ફળનો અધિકારી હું જ છું. એવી બુદ્ધિ. એ બંનેને નિવારવા માટે કર્મનો કર્તા કેવળ હું જ નથી કિંતુ કાળ, સ્વભાવ, ભવિતવ્યતા અને પૂર્વકૃત કર્મ વગેરેનો સહકાર છે. તેમ વિચારવું. અને કર્મ ફળ પણ બધાના સહકારનું પરિણામ હોવાથી તેના ઉપર માત્ર મારા એકલાનો અધિકાર નથી. એમ વિચારવું. તેથી બંને ઉપર પંચપરમેષ્ઠિઓનું સ્વામિત્વ છે એવી વૃત્તિ ધારણ કરવી જોઈએ. તેના પરિણામે અહંત્વ અને મમત્વ ગળી જાય છે. અને નિરાભિમાનિતા, નમ્રતા, સરળતા, સંતોષ વગેરે ગુણોની ઉત્પત્તિ થાય છે તથા ભક્તિના સુમધુર ફળોના અધિકારી થવાય છે.

### નવકારમાં નવરસો અને જન્મજાત સ્થાયી ભાવો

રસ-જન્મજાત સ્થાયી ભાવો જે નિમિત્તોને પામીને અભિવ્યક્ત થાય છે તેને આલંબન વિભાવ અને જે નિમિત્તોને પામીને વૃદ્ધિ પામે તેને ઉદ્દીપન વિભાવ કહેવાય છે. એ વખતે થતી ભિન્ન ભિન્ન શારીરિક ચેષ્ટાઓને અનુભાવ કહેવાય છે અને માનસિક વૃત્તિઓને સંચારી ભાવ કહેવાય છે. આ નિમિત્તોને પામીને થતાં આંતર-બાહ્ય અનુભાવોનું પરિશીલન અને સ્મરણને રસ કહ્યો છે. જુદા જુદા ભાવો સાથે તે ભાવોના અનુભવ લેનાર આત્માનું પણ રસન-સ્મરણ જેમાં છે. તે રસ છે. ટૂંકમાં વિભાવ અનુભાવ અને સંચારી ભાવ વડે અભિવ્યક્ત થતો. સ્થાયીભાવ તે રસ છે. નમસ્કાર મંત્રના સ્મરણથી સૌથી શ્રેષ્ઠ શાંત રસ ઉત્પન્ન થાય છે. જે આત્માને પરમ ઉપયોગી છે.

### રસ અને તેના સ્થાયી ભાવો

| રસના પ્રકારો | સ્થાયીભાવના પ્રકારો |
|---|---|
| ૧ શૃંગાર | ૧ રતિ |
| ૨ હાસ્ય | ૨ હાસ (હસવાની વૃત્તિ) |

| | |
|---|---|
| ૩ કરુણ | ૩ શોક |
| ૪ રૌદ્ર | ૪ ક્રોધ |
| ૫ વીર | ૫ ઉત્સાહ |
| ૬ ભયાનક | ૬ ભય |
| ૭ બિભત્સ | ૭ જુગુપ્સા |
| ૮ અદ્ભુત | ૮ વિસ્મય |
| ૯ શાંત | ૯ શમ |

નવકાર અને ગુરુઓ વચ્ચેનો સંબંધ પણ ઘણો માર્ગદર્શક છે તેની થોડી છણાવટ પાંચમાં પ્રકરણમાં કરીએ.

●●●

# પ્રકરણ-૫

સાધકને ગુરુ હોવા જ જોઈએ. નવકારમંત્ર તે માટે સાધકમાં શુદ્ધ ગુરુ માટેની તાલાવેલી જગાડે છે.

પાંચ પ્રકારના ગુરુઓ (પ્રશ્ન ૯નો જવાબ)

શ્રી અરિહંત→ શ્રી અરિહંતો માર્ગ દર્શક હોવાથી પ્રેરક ગુરુ છે.

સિદ્ધ→ શ્રી સિદ્ધો અવિનાશી પદને પામેલા હોવાથી સૂચક ગુરુ છે.

આચાર્ય→ શ્રી આચાર્ય અર્થના દર્શક હોવાથી બોધક ગુરુ છે.

ઉપાધ્યાય→ શ્રી ઉપાધ્યાય સૂત્રના દાતા હોવાથી વાચક ગુરુ છે.

સાધુ→ શ્રી સાધુ મોક્ષમાર્ગમાં સહાયક હોવાથી સહાયક ગુરુ છે.

શ્રી નમસ્કારમાં પાંચ પ્રકારના ગુરુઓ રહેલ છે. આ પંચમંગલ સૂત્ર રૂપ હોવા છતાં વારંવાર મનન કરવા યોગ્ય હોવાથી તેમજ તેના સમ્યક્ આરાધન દ્વારા ચમત્કારિક પરિણામો આવતાં હોવાથી તેની પ્રસિદ્ધિ લોકમાં મંત્ર રૂપે થઈ છે.

### નિર્મળ વાસના અને નમસ્કારથી સમત્વની સિદ્ધિ

મલિન વાસના બે પ્રકારની છે. બાહ્ય અને અભ્યંતર. વિષય વાસના તે બાહ્ય છે. અને માનસવાસના અભ્યંતર છે. વિષય વાસના સ્થૂલ છે. માનસવાસના સૂક્ષ્મ છે. વિષયના ભોગકામમાં ઉત્પન્ન થતાં સંસ્કાર તે વિષયવાસના છે અને વિષયો પ્રતિ કામનાના કાળમાં ઉદ્ભવતા સંસ્કાર તે માનસ વાસના છે. બીજી રીતે લોકવાસના કે દેહવાસના તે વિષયવાસના છે. દંભ હર્ષાદિ તે માનસ વાસના છે.

કર્મ મુક્ત જીવની અવસ્થા સર્વની સરખી સુખદાયક છે. કર્મબદ્ધ અવસ્થા સર્વને સરખી કષ્ટદાયક છે. કેમકે કર્મજનિત સુખ પણ પરિણામે દુઃખદાયક છે. આ ભાવના આઠેય પ્રકારના મદ, ચારે

પ્રકારના કષાય અને પાંચે પ્રકારની ઈન્દ્રિયોને જીતાડનાર થાય છે. સર્વ જીવો સાથે પોતાની તુલ્યતાનું આ પ્રકારે ભાવન અને તે વડે પ્રાપ્ત થતું અપૂર્વ સમત્વએ મોક્ષનું અસાધારણ કારણ છે.

## મહામંત્રની આરાધના

આરાધ્ય, આરાધક, આરાધના અને આરાધનાનું ફળ, આ ચારે વસ્તુઓનું જ્ઞાન મહામંત્રની આરાધનામાં આવશ્યક છે.

(૧) આરાધ્ય—નવકાર.

(૨) આરાધક—સમિતિ-ગુપ્તિયુક્ત જીવ.

(૩) આરાધના-મનવચન અને કાયાની શુદ્ધિ અને એકાગ્રતાથી થાય.

(૪) આરાધનાનું ફળ ઇહ લૌકિક અર્થ કામ આરોગ્ય તથા પારલૌકિક સ્વર્ગાપવર્ગના સુખ. 'નમો'થી સુકૃતાનુમોદના રૂપ થાય છે. સ્વાપકર્ષના સ્વીકારથી પાપનું પ્રાયશ્ચિત થાય છે. પરોત્કર્ષના બોધથી વિનયગુણ પુષ્ટ થાય છે. જે ધર્મનું મૂળ છે.

## પ્રશ્ન ૪નો જવાબ—સાચો નમસ્કાર

શરણગમનરૂપ સિક્કાની બે બાજુઓ છે. દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના. શ્રી અરિહંતના નમસ્કાર દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદનાનું પરિણામ છે. તેથી તે એકબાજુ સહજમલનો હ્રાસ કરે છે અને બીજી બાજુ જીવના ભવ્યત્વભાવનો વિકાસ કરે છે. જીવની કર્મના સંબંધમાં આવવાની શક્તિ તે સહજમલ છે. અને કર્મના સંબંધમાંથી છૂટવાની શક્તિ તે તથાભવ્યત્વ છે.

## નમસ્કાર મંત્રની સિદ્ધિ

કેટલાક શારીરિક દુઃખને જ દુઃખ માને છે. કેટલાક માનસિક દુઃખોને દુઃખ માને છે. કેટલાક શારીરિક-માનસિક દુઃખોના જે મૂળ



વાસના, મમતા તૃષ્ણા છે તેને જ દુઃખ માની તેના નિવારણ માટે પ્રયત્ન કરે છે. મમતા જ્યારે સંકુચિત મટીને વ્યાપક બને છે. ત્યારે આપો આપ સમતા આવે છે. બંનેના મૂળમાં સ્નેહતત્ત્વ છે. જ્યારે સ્નેહ સંકીર્ણ સંકીર્ણતર (સાંકડો) હોય ત્યારે મમતા કહેવાય છે. તેમાથી વાસના તૃષ્ણા પેદા થાય છે તે જ વાસના આંતર બાહ્ય દુઃખોનું મૂળ છે. સમતાની સિદ્ધિનો ઉપાય સ્નેહની વ્યાપકતા છે. અને તેનો ઉપાય નિષ્કામ પંચપરમેષ્ઠિનો નમસ્કાર છે. એમ જ્યારે સમજાય છે ત્યારે નમસ્કારમંત્રની સિદ્ધિ થઈ ગણાય છે.

## મંત્ર વડે મનનું રક્ષણ

મનુષ્યની વાણી અને વર્તન મનની સ્થિતિનું જ પ્રતિબિંબ છે. તેથી શાસ્ત્રોમાં બંધ અને મોક્ષનું કારણ પણ મનને જ કહ્યું છે. મનની સુધારણા પર જ માનવીની સુધારણાનો આધાર છે. મંત્ર સાધના માનવીના મનને નિરર્થક ચિંતાઓથી છોડાવે છે. ચિંતા અને વિષાદથી ઉત્પન્ન થતા અનેક શારીરિક રોગોથી બચાવે છે. અને પ્રારબ્ધના યોગથી આવી પડનારા બાહ્ય સંકટો અને વિઘ્નો વખતે મનને શાંત રાખી તેનાથી દૂર થવાના માર્ગો શોધવામાં સહાયરૂપ થાય છે.

## સહજમલ અને તથાભવ્યત્વ

| સહજમલ | તથાભવ્યત્વ |
|---|---|
| ૧. જીવની કર્મના સંબંધમાં આવવાની શક્તિ તે સહજમલ છે. | ૧. જીવની કર્મના સંબંધમાંથી છૂટવાની શક્તિને તથાભવ્યત્વ કહે છે. |
| ૨. યોગ્યને ન નમવાથી અને અયોગ્યને નમવાથી સહજમલ વધે છે. | ૨. યોગ્યને નમવાથી અને અયોગ્યને ન નમવાથી તથા ભવ્યત્વ વિકસે છે. તેને જ |

૩. વિષયોને નમવાથી સહજમળનું બળ વધે છે ચાર કષાયો પુષ્ટ થાય છે.

૪. સહજમલ જીવને સંસાર તરફ ખેંચે છે.

૫. પુષ્ટ થયેલા ચાર કષાયો ચાર ગતિરૂપ સંસારને વધારે છે.

૬. બીજી રીતે જોઈએ તો સહજમલ તે પર-પુદ્‌ગલના સંબંધમાં આવવાની શક્તિ છે. દુષ્કૃતમાત્ર તે શક્તિનું પરિણામ છે. દુષ્કૃત ગર્હા થતા તે શક્તિનું બીજ બળી જાય છે. તેથી પરના સંબંધમાં આવવાની ઈચ્છા માત્રનો વિલય થાય છે. તેનાથી સ્વાધીન સુખને પામવાની ઈચ્છા વિકાસ પામે છે તે જ તથાભવ્યત્વનો વિકાસ છે.

સાચો નમસ્કાર કહે છે.

૩. સાચો નમસ્કાર એટલે યોગ્યને શરણે જવું અને અયોગ્યને શરણે ન જવું. એનું નામ દુષ્કૃત ગર્હા છે.

૪. યોગ્યને શરણે જવું તેનું નામ સુકૃતાનુમોદન છે.

૫. જ્ઞાનાદિ ગુણો અને દાનાદિ ધર્મો વડે ચાર પ્રકારના કષાયોનો છેદ થાય છે.

૬. સમ્યક્ દર્શન ક્રોધ કષાયનો નિગ્રહ કરે છે.

૭. સમ્યક્જ્ઞાન ગુણ માન કષાયનો નિગ્રહ કરે છે.

૮. સમ્યક્ચારિત્ર માયાકષાયનો નિગ્રહ કરે છે.

૯. સમ્યક્ તપગુણ લોભકષાયનો નિગ્રહ કરે છે.

૧૦. દાનધર્મ (સન્માન) વડે માન જાય અને નમ્રતા આવે.

૧૧. શીલધર્મ વડે માયા જાય અને સરળતા આવે છે.

૧૨. તપધર્મ વડે લોભ જાય અને સંતોષ આવે છે.

૧૩. ભાવધર્મ વડે ક્રોધ જીતાય અને સહનશીલતા આવે છે.



**મન અને નમોપદ**

બહિર્મુખમન

૧. વિષયો સંસાર તરફ ખેંચે છે.

૨. મનુષ્યની વાણી અને વર્તન મનની સ્થિતિનું જ પ્રતિબિંબ છે.

૩. બહિર્મુખ મન અનાત્મભાવ તરફ ઢળે છે તેથી સંસારમાં લઈ જવા માટે સેતુ બને છે.

૪. મન એ કર્મનું સર્જન છે. મન એ સંસાર છે.

૫. ઈન્દ્રિયો મનના બાહ્ય કરણો છે. અહંકાર, બુદ્ધિ, ચિત્ત વગેરે આંતર કરણો છે.

૬. ચારે ગતિમાં રખડાવે છે. ચારેનાં ભિન્ન ભિન્ન કાર્યો છે. સુખ ભોગવવા સ્વર્ગ છે. દુઃખ ભોગવવા નરક, અવિવેકપણે વર્તવા માટે તિર્યંચ અને વિવેક સહિત ધર્મ કરવા માટે મનુષ્ય ભવ છે.

૭. મન એ સંસાર છે.

નમોપદ

૧. આત્મા તરફ લઈ જાય છે.

૨. મનનો માલિક આત્મા છે એવું જ્ઞાન અને બોધ નમો પદના વારંવાર સ્વાધ્યાયથી થાય છે.

૩. બહિર્મુખ મનને આત્માભિમુખ બનાવવાનું સામર્થ્ય નમો મંત્રમાં છે.

૪. કર્મ બંધનમાંથી છુટવા માટે મનની આધિનતામાંથી છોડાવે છે.

૫. નમો પદ સાથે અરિહંત, સિદ્ધ, સાધુ આદિ પદો જોડવાથી તેનો અર્થ અને આશય પણ આત્માની શુદ્ધ અવસ્થાઓને આગળ કરવાનો છે.

૬. 'નમો' એ મોક્ષ છે.

ઉપરની સમજણ જાણ્યા પછી હવે શ્રદ્ધા અને ભક્તિના વિષયો ઉપર વિચાર કરીએ. બંને પરસ્પર એક બીજાના પૂરક છે.

# પ્રકરણ-૬

શ્રદ્ધા અને ભક્તિએ બંનેમાં પરમાત્મા વિષેના સંશયનો અભાવ છે. એ બંનેમાં વિશ્વાસની હાજરી છે. બંને એકબીજાના પૂરક અને પ્રેરક છે.

**શ્રદ્ધા અને ભક્તિ**

| શ્રદ્ધા | ભક્તિ |
| --- | --- |
| ૧. સકળ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે. | ૧. જ્ઞાનનું મૂળ ભક્તિ છે. |
| ૨. શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે. | ૨. ભક્તિનું મૂળ ભગવાન છે. |
| ૩. શ્રદ્ધામાં પ્રેય પુરુષની વિશેષતા છે. | ૩. ભક્તિમાં પ્રેરક વસ્તુની વિશેષતા છે. |
| ૪. ઉપાદાનની વિશેષતાએ શ્રદ્ધાજનક છે. | ૪. નિમિત્તની વિશેષતાએ ભક્તિ પ્રેરક છે. |
| ૫. શ્રદ્ધા એ ક્રિયા અને તેના ફળમાં વિશ્વાસની અપેક્ષા રાખે છે. | ૫. ભક્તિ એ આરાધ્યમાં રહેલા આરાધ્યત્વતા જ્ઞાનની અપેક્ષા રાખે છે. |
| ૬. આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા તે શ્રદ્ધા છે. | ૬. આજ્ઞાકારક પ્રત્યે નિષ્ઠા તે ભક્તિ છે. |
| ૭. શ્રદ્ધામાં આજ્ઞાપાલકની યોગ્યતાનું ભાન છે. | ૭. ભક્તિમાં આજ્ઞાકારકનાં સામર્થ્યની પ્રતીતિ છે. |
| ૮. પ્રયત્ન ફળદાયી છે. એવી ખાત્રી તે શ્રદ્ધા છે. | ૮. કૃપા ફળદાયી છે એવી ખાત્રી ભક્તિથી છે. |



- શ્રદ્ધા અને ભક્તિ એકત્ર મળે ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે.
- આજ્ઞાનું આરાધન એ શ્રદ્ધા અને ભક્તિ બંનેની અપેક્ષા રાખે છે.
- ભક્તિના પ્રમાણમાં જ શ્રદ્ધા સ્ફૂટે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે.
- શ્રદ્ધા અને ભક્તિ ઉભય મળીને જીવની મુક્તિરૂપી કાર્યસિદ્ધિ કરે છે.
- ભગવાનનો પ્રભાવ ચિંતવવાથી ભક્તિ જાગે છે. અને ભક્તિનો પ્રભાવ ચિંતવવાથી શ્રદ્ધા જાગે છે.
- ભગવાનની શક્તિ ભક્તના હૃદયમાં ભક્તિ પેદા કરે છે. ભક્તિ વડે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. તે આત્મજ્ઞાન શ્રદ્ધા પેદા કરે છે. શ્રદ્ધા ક્રિયામાં પ્રેરે છે. તેથી શ્રદ્ધાએ પુરુષતંત્ર છે. (પુરુષાર્થને આધીન) ભક્તિ એ વસ્તુતંત્ર છે. (વસ્તુને આધીન).

**ઋણ મુક્તિ અને મહામંત્ર**

પોતાના માથે ઋણ છે એમ માનનાર વ્યક્તિ આપોઆપ નમ્ર બને છે. નિરહંકાર રહે છે. બીજા ઉપર કરેલા અપકાર અને બીજાના પોતા ઉપર થયેલા ઉપકાર યાદ રાખનારો જ સદા નમ્ર રહે છે. અને ઉપકારના બદલામાં પ્રત્યુપકાર કરવાની ભાવનાવાળો રહે છે. પોતે કરેલા અપકારનો બદલો સમતાભાવથી સર્વ પ્રકારના કષ્ટ સહનમાં રહેલો છે. પોતા ઉપર થયેલા ઉપકારનો બદલો આત્મજ્ઞાનથી વળે છે. આત્મજ્ઞાની પુરુષ વિશ્વ ઉપર જે ઉપકાર કરે છે તે એટલો મોટો હોય છે કે તેની આગળ તેમના ઉપર થયેલા બધા ઉપકારોનો બદલો વળી જાય છે. 'નમો' મંત્ર અપકાર અને ઉપકાર બંનેનો બદલો એકી સાથે વાળી શકે છે. તેનું કારણ તેની પાછળ કર્મ-વિપાક અને આત્મજ્ઞાન પામવાનો પણ વિચાર છે. કર્મ-વિપાકનો વિચાર સમતા દ્વારા સર્વપાપોનો નાશ કરે છે. આત્મજ્ઞાનનો વિચાર સર્વ મંગળનું

કારણ બને છે.

### પ્રશ્ન-૭ નો જવાબ નમ્રતા અને સૌમ્યતા

નમ્રતા અને સૌમ્યતારૂપી બે અશ્વોને નમસ્કાર ભાવરૂપી રથમાં જોડીને મોક્ષમાર્ગના પ્રવાસની શરૂઆત થઈ શકે છે. સૌમ્યતા એટલે સમભાવ કે જેના વગર કોઈપણ સદ્‌ગુણનો સાચો વાસ આત્મામાં થઈ શકતો નથી. નમસ્કાર ભાવ વિનાની કોરી નમ્રતા અહંકારભાવની જનેતા છે. અને તે ઠગારી હોય છે. નમસ્કારભાવનો એક અર્થ ક્ષમાયાચના છે. એનાથી ચિત્તપ્રસન્ન બને છે. અર્થાત્ ખેદ, ઉદ્વેગ, વિષાદાદિ દોષો ચાલ્યા જાય છે. એ ભાવ વડે પરના ઉપકારનો સ્વીકાર થાય છે અને પરને ગુણ કરવાની વૃત્તિ પેદા થાય છે. એમાં એકનું નામ કૃતજ્ઞતા છે અને બીજાનું નામ ઉદારતા છે. ધર્મ અને ધર્મી આત્માઓનો સંબંધ સમત્વભાવ (સૌમ્યતા ગુણ) વિકસાવે છે. અને તે પરોપકારની વૃત્તિને ઉત્તેજિત કરે છે. જીવ નમવા માંડે એટલે એને મિત્રો મળવા માંડે.

નમસ્કારથી ભાવનમસ્કારમાં પ્રગતિ થાય અને આજ્ઞાક્રમમાં જવાય છે.

●●●

# પ્રકરણ-૭

નમસ્કારથી અહંની વિલિનતા થાય છે. અને એ શાંતિની ઉપસ્થિતિમાં આજ્ઞાક્રમમાં મન પરોવાય છે.

### ભાવ નમસ્કાર અને આજ્ઞાયોગ ક્રમ

| (૧) ભીતિ | (૨) પ્રિતી | (૩) ભક્તિ | (૪) રુચિ |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| આજ્ઞાભંગની ભીતિએ પ્રથમ કારણ છે. એનાથી ઉત્પન્ન થતાં દુષ્ટ વિપાકોનું ચિંતવન થાય છે. | આજ્ઞાભંગની ભીતિ વડે પ્રિતી ઉત્પન્ન થાય છે. | પ્રિતી પછી ભક્તિ જાગે છે. | ત્યારબાદ આજ્ઞાપાલન ની રુચિ ઉત્પન્ન થાય છે. |

તે રુચિ પૂર્વક જે અનુષ્ઠાન થાય તે વચનાનુષ્ઠાન કહેવાય છે. અને તેના પરિણામે અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. એ મુજબ ક્રમ છે.

અત્યંત પ્રિતીપૂર્વક થાય તે પ્રિતી અનુષ્ઠાન, આદર-બહુમાનપૂર્વક થાય તે ભક્તિ અનુષ્ઠાન, આગમને અનુસરીને થાય તે વચનાનુષ્ઠાન, અને અતિશય અભ્યાસથી આગમની અપેક્ષા વિના જ સહજ ભાવે થાય તે અસંગાનુષ્ઠાન છે. તે જ્ઞાનક્રિયાની અભેદ ભૂમિકારૂપ છે. કેમકે તે શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તાદાત્મ્યભાવને ધારણ કરે છે. અરિહંતોની ભક્તિ દ્રવ્ય-ભાવ ઉભયથી હોય છે. તેમાં ભાવભક્તિ આજ્ઞાપાલન સ્વરૂપ છે. તેથી ભાવભક્તિનું બીજ આજ્ઞાપાલનનો અધ્યવસાય છે. એ જ અધ્યવસાય ભાવનમસ્કારની પ્રાપ્તિ કરાવે છે.

### ભાવ નમસ્કાર અને આજ્ઞાયોગ

નમો અરિહંતાણંના જાપથી શ્રી અરિહંતોની આજ્ઞાપાલનનો અધ્યવસાય જાગ્રત થાય છે. સમસ્ત જીવરાશિ પર સ્નેહનો પરિણામ,

હિતનો અધ્યવસાય અને તે મુજબનું જીવન બને છે. હિતનો પરિણામ સૌ પ્રથમ ભવની ભીતિમાંથી જન્મે છે. ભાવ નમસ્કાર અંતે સર્વ પાપવૃત્તિઓનો નાશ કરી પરમ મંગલ પદની પ્રાપ્તિ કરાવે છે.

### મંત્રસિદ્ધિ માટે અનિવાર્ય

પશુત્વનો નાશ કરવો અને મનુષ્યત્વનો વિકાસ કરવો એ મંત્રસિદ્ધિ માટે અનિવાર્ય છે. બીજાના ભોગે જીવવા ઈચ્છે તે પશુત્વ છે. પોતાની જેમ બીજાને જીવવા દેવાની ઈચ્છાને મનુષ્યત્વ કહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માન એ જ તાત્ત્વિક પશુત્વ છે. તેમનો નાશ જગતની અને આત્માની શાંતિ માટે અનિવાર્ય છે. લોભને જીતનાર શાંત આત્મા જ સાચો તપસ્વી છે. કામને જીતનાર આત્મા જ સાચો સંયમી છે. અને ક્રોધને જીતનાર શાંત આત્મા જ સાચો અહિંસક છે. મંત્ર સિદ્ધિ માટે આ ત્રણ ગુણો મેળવવા જોઈએ.

### નમસ્કાર વડે વિશ્વ પ્રભુત્વ

વિશ્વ ઉપર પાંચ સમવાયનું પ્રભુત્વ છે. ચિત્તને સમત્વભાવની તાલીમ પાંચ કારણવાદના તત્ત્વજ્ઞાનથી મળે છે. પાંચ કારણોનો સમવાય (સમુદાય) થવાથી કાર્ય બને છે. તેમના નામ અનુક્રમે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ છે. પાંચે કારણોની ઓછા વત્તા અંશની હાજરીથી કાર્ય બને છે એમ માનવાથી ચિત્તની સમતા અથવા સમત્વ સારા નરસા પ્રસંગે ટકી રહે છે. સમ્યક્ત્વ સમત્વ ભાવરૂપ છે માટે તેને સમકિત સામાયિક કહેવાય છે. વિરતિ અધિક સમત્વ સૂચક છે. તેથી તેને દેશ વિરતિ અને સર્વ વિરતિ સામાયિક કહે છે. અપ્રમાદ એથી પણ અધિક સમત્વસૂચક છે. એથી આગળ અકષાયતા, અયોગતાદિ ઉત્તરોત્તર અધિક સમત્વરૂપ હોવાથી અધિક અધિક નિર્જરાના હેતુ બને છે.

### સમતા સામાયિકની સિદ્ધિ



જીવોને સહવા તે અહિંસા છે. સુખોને સહવા તે સંયમ છે. દુઃખોને સહવા તે તપ છે. ધર્મ એ ચિત્તની સમાનવૃત્તિમાં છે. અહિંસા, સંયમ, તપ વગેરેની ક્રિયા ચિત્તવૃત્તિને એક જ આલંબનમાં ટકાવી રાખવાનું સાધન છે. ચૈતન્ય સામાન્યથી જીવોમાં એકતાનું જ્ઞાન સમત્વ વિકસાવે છે. સમાન ભાવને આગળ કરવાથી સમતા સામાયિકની સિદ્ધિ થાય છે.

### મંત્રસિદ્ધિ યોગ્યતા

| પશુત્વ | મનુષ્યત્વ |
|---|---|
| ૧ બીજાના ભોગે જીવવા ઈચ્છે તે પશુત્વ છે. તાત્ત્વિક પશુત્વ | ૧ પોતાના ભોગે બીજાને જીવાડવા ઈચ્છે તે મનુષ્યત્વ છે અથવા પોતે જેમ જીવવા ઈચ્છે છે. તેમ બધા પણ ઈચ્છે છે એમ સમજીને આત્મતુલ્ય વ્યવહાર કરે છે. |
| ૨ કામ, રાગ, | ૨ मातृवत् परदारेषु- ભાવનાએ કામ અને રાગને શમાવે છે, સંયમના પાલનથી કામ જીતાય છે. ને દાંત બનાય છે. લોભને જીતવા लोष्ठवत् परद्रव्येषु એ ભાવના કર્તવ્ય છે. |
| ૩ લોભ, મોહ | ૩ ક્રોધને જીતવા आत्मवत् सर्व- भूतेषुની ભાવના કર્તવ્ય છે. ક્રોધને જીતનાર શાંત આત્મા જ સાચો અહિંસક છે. |
| ૪ મદમાન ઈર્ષ્યા અસૂયાદિ વિકારો ક્રોધ વગેરે. | |

મંત્ર સિદ્ધિની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે તે ત્રણેય ગુણો મેળવવા જોઈએ.

## પાંચ સમવાય કારણો

- પાંચ સમવાય એટલે પાંચ કારણોનો સમુદાય.
- પાંચેય કારણો મળીને કાર્ય બને છે. વિશ્વ ઉપર પ્રભુત્વ પાંચ સમવાયનું છે. દરેક કાર્યમાં ઓછાવત્તા અંશે પાંચમાંનું દરેક કારણ હાજર હોય છે.
- પાંચ કારણોના નામ અનુક્રમે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ છે.
- પાંચ કારણોનો સમવાય માનવાથી હીનતા અહંકારાદિ દોષોનો વિલોપ થઈ જાય છે. એકલો દૈવવાદ માનવાથી દીનતા આવે છે. એકલો પુરુષકાર (પુરુષાર્થ) વાદ માનવાથી અહંકાર ઉત્પન્ન થાય છે. એકલી નિયતિ, કાળ કે સ્વભાવવાદ માનવાથી સ્વચ્છંદતા પોષાય છે.
- પાંચે કારણો મળીને કાર્ય બને છે. એમ માનવાથી એકવાદથી પોષાતા સ્વચ્છંદતા આદિ દોષોનો નિગ્રહ થાય છે. અને સારા નરસા બનાવ વખતે ચિત્તનું સમત્વ ટકી રહે છે.
- વિશ્વ ઉપર પાંચ સમવાય એટલે સમત્વભાવનું પ્રભુત્વ છે. અને સમત્વભાવ ઉપર શ્રી અરિહંતાદિ ચારનું પ્રભુત્વ છે. તેથી તેમને કરેલો નમસ્કાર તે સમગ્ર વિશ્વ ઉપર પ્રભુત્વ અપાવે છે.
- નમસ્કારથી શુભભાવ પ્રગટે છે. શ્રી સિદ્ધ ભગવંતના ઉપકારરૂપી સુકૃતને અને સંસારમાં રહીને પોતે અનેકને અપકાર કરે છે તેનું સાચું સુકૃતાનું મોદના અને સાચું દુષ્કૃતગર્હણ થાય છે. ગર્હણ સહજમલનો નાશ કરે છે. અને અનુમોદન ભવ્યત્વભાવનો વિકાસ કરે છે. તેના પ્રભાવે મુક્તિના પાંચેય કારણો આવી મળે છે. તેથી પાંચેય કારણો ઉપર પ્રભુત્વ શુભભાવનું છે.



## નમોપદની ગંભીરતા

- નમો મંત્રમાં નવધા ભક્તિ રહેલી છે. નમો મંત્ર વડે નામનું (૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ થાય છે. તેમજ આકૃતિનું (૪) પૂજન (૫) વંદન અને (૬) અર્ચન થાય છે. દ્રવ્યનિક્ષેપે (૭) પરમાત્માની સેવા અને (૮) ભક્તિ થાય છે. અને ભાવ નિક્ષેપે (૯) સર્વ સમર્પણ થાય છે.
- નવકાર વડે બાહ્ય-અભ્યંતર અથવા દ્રવ્ય-ભાવમળ જાય છે. ભાવમળ તે અજ્ઞાન અને અશ્રદ્ધા છે. નવકાર વડે આત્માનું અજ્ઞાન ટળે છે. અને પરમતત્ત્વનું જ્ઞાન થાય છે.
- નવકાર વડે ધર્મફળની અશ્રદ્ધા ટળે છે અને શ્રદ્ધા જાગે છે. મિથ્યાત્વ અને અજ્ઞાનનાં પરિણામો ગાળે છે. સમ્યક્ત્વ અને જ્ઞાનનાં પરિણામો લાવે છે. ઉત્પન્ન કરે છે. સર્જે છે. પુષ્ટ કરે છે અને વૃદ્ધિ પમાડે છે.
- નમસ્કાર એ જેમ મોક્ષનું બીજ છે તેમ અનમસ્કાર એ સંસારનું બીજ છે. નમનીયને અનમન અને અનમનીયને નમન એ સંસાર વૃક્ષનું બીજ છે. નમનીયને અનમસ્કાર એ સર્વ દુઃખોનું અને પાપોનું ઉત્પાદક છે.
- નમસ્કારમાં તપ છે, સ્વાધ્યાય છે અને ઈશ્વર પ્રણિધાન છે. તપથી શરીર સુધરે છે. સ્વાધ્યાયથી મન સુધરે છે. અને ઈશ્વર પ્રણિધાનથી આત્મા સુધરે છે. આસન શરીરનો સંગ છોડાવે છે. પ્રાણાયામ પ્રાણ ઉપર નિયમન લાવે છે. પ્રત્યાહાર ઇન્દ્રિયોનો સંગ છોડાવે છે. ધારણા, ધ્યાન અને સમાધિ અનુક્રમે મન, બુદ્ધિ અને અહંકારનો સંગ છોડાવે છે.
- આંતર શાંતિ માટે નિયમ છે અને બાહ્ય શાંતિ માટે યમ છે. નવકારથી બાહ્ય આંતર સંબંધો સુધરે છે.

● નવકાર એ સર્વમંગલમાં પહેલું મંગલ છે. પાપને, અશુભકર્મને અને સર્વ મલને ગાળે તે મંગલ છે. તેમાં નવકાર ઉત્કૃષ્ટ પંચ મંગલ સ્વરૂપ છે. ઓછામાં ઓછા પ્રયત્ને વધુમાં વધુ ફળ લાવવાની શક્તિ નમો મંત્રમાં છે. નમોપદમાં મૈત્રી, પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓની સાથે અનિત્ય, અશરણ સંસાર, એકત્વ, અન્યત્વાદિ ભાવનાઓનો સમાવેશ થઈ જાય છે. તેથી પ્રથમ પદ અતિ ગંભીર છે.

### ઐક્ય ચૈતન્ય અનંતર પરંપર ફળ

મનને આત્માધીન બનાવવાની પ્રક્રિયા નમસ્કારભાવમાં છુપાયેલી છે. ધર્મની અનુમોદના રૂપ નમસ્કાર એ ભાવધર્મ છે. એના વિના માનસિક ભેદભાવ ટળતો નથી. ત્યાં સુધી અહંકારભાવ ગળતો નથી. અહંકારનું ગળવું એ જ ભેદભાવનું ટળવું છે. એ ટળ્યા વિના જીવ જીવને જીવરૂપે કદીય ઓળખી શકતો નથી. અને ચાહી શકતો નથી. નમસ્કારથી મંગળ, ઉત્તમ અને શરણ એ ત્રણેય અર્થોની સિદ્ધિ થાય છે. પુનઃપુનઃ પરમેષ્ઠિ નમસ્કાર વડે દેવ, ગુરુ, આત્મા મન અને પ્રાણનું ઐક્ય સધાય છે તથા મંત્ર ચૈતન્ય પ્રગટે છે. નમસ્કારનું ફળ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ છે. મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ આદિનો નાશ છે. તથા મંગલ (પાપનો નાશ)નો લાભ છે. સમ્યગ્ દર્શન આદિની પ્રાપ્તિ એ પંચ નમસ્કારનું અનંતર ફળ છે. પરંપર ફળ સ્વર્ગાપવર્ગરૂપ મંગળનો લાભ છે.

### નમસ્કાર ધર્મની વ્યાખ્યાઓ

નમસ્કાર એ ક્ષમાનું બીજું નામ છે. ભૂલ થયા પછી તેને સુધારી લેવા માટે નમ્રતા બતાવવી તેનું નામ ક્ષમાપના છે. જેમ અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી. તેમ પોતાના અપરાધને પણ સ્વીકારવા દેતો નથી. તેમ નમસ્કાર ઉપકારીઓને ભૂલવા દેતો નથી તેમ પોતાના અપરાધોને પણ ભૂલવા દેતો નથી.



બાહ્ય પદાર્થો પ્રત્યે તૃષ્ણાવાળા ન બનવું અને આત્મતૃપ્ત રહેવાનો અભ્યાસ કરવો તે પણ નમસ્કાર ધર્મ છે.

### નમોપદનું રહસ્ય

નમોમાં નમ્રતા છે, વિનય છે વિવેક છે અને વૈરાગ્ય પણ છે. સ્વાધ્યાય અને ઈશ્વર ભક્તિ પણ છે. તેમજ દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના અને અરિહંતાદિનું શરણ પણ છે. નમવું એટલે માત્ર મસ્તકને નમાવવું એટલું જ નહિ પણ મનને, વિચારોને, તૃષ્ણાઓને પણ નમાવવી. અર્થાત્ તેઓને તુચ્છ લેખવાં, આ જગતનું સ્વરૂપ સમજવાથી વૈરાગ્યની પુષ્ટિ થાય છે. પદાર્થો અને જીવ અનંત સ્વરૂપ છે.

● ● ●

# પ્રકરણ-૮

જીવ અને પુદ્ગલનાં સ્વરૂપની સમજણ વૈરાગ્યનું કારણ છે. પુદ્ગલ પ્રત્યેનું આકર્ષણ અનાદિથી છે. જેને લીધે કર્મની હાજરી પણ અનાદિથી છે. બંનેથી વિરક્તિ એ વિવેકનું કાર્ય છે.

**પુદ્ગલ અને જીવ**

| પુદ્ગલ | જીવ |
|---|---|
| ૧. પાપનો નાશ એટલે પુદ્ગલ પ્રત્યેનો મોહનો નાશ. | ૧. મંગલનું આગમન એટલે જીવો પ્રત્યે જીવોના સ્નેહનું આકર્ષણ. |
| ૨. પુદ્ગલ પ્રત્યે વિરક્તિ | ૨. જીવો પ્રત્યે વિશિષ્ટ રતિ એ નમસ્કાર પ્રત્યેની અભિરતિનું ફળ છે. |
| ૩. પુદ્ગલ પ્રત્યે અનમનશીલ | ૩. ચૈતન્ય પ્રત્યે નમનશીલ |
| ૪. પુદ્ગલનો વિરાગ જીવને કામ, ક્રોધ, અને લોભથી મુક્ત કરે છે. | ૪. ચૈતન્યનો અનુરાગ જીવને શમ, દમ અને સંતોષથી યુક્ત કરે છે. |
| ૫. જડ અહિતકર હોવાથી ઉપેક્ષનીય છે. | ૫. ચૈતન્ય હિતકર હોવાથી નમનીય છે. |
| ૬. જડ લાગણી શૂન્ય છે. | ૬. ચૈતન્ય લાગણીયુક્ત છે. |
| ૭. જેનાથી ઉપકાર થવો ત્રણે કાળમાં શક્ય નથી તેવા પ્રત્યે નમતા રહેવું તે મોહ, અજ્ઞાન અને અવિવેક છે. | ૭. જેનાથી ઉપકાર થવો શક્ય છે તેને નમવાથી અને સ્મરણમાં કાયમ રાખી નમ્ર રહેવું. તેમાં વિવેક, ડાહપણ અને બુદ્ધિમતા છે. |



| | |
|---|---|
| ૮. જીવ જડને અનંતવાર નમ્યો છે, અને નિષ્ફલ ગયો છે. | ૮. ચેતનને નમવું એટલે પિંડમાં દેહ પ્રત્યે આદર છોડી આત્મા પ્રત્યે આદર રાખવો. |
| ૯. પુદ્ગલ પ્રત્યે રાગ એ પાપની ઉત્પત્તિ છે. | ૯. જીવમાત્ર પ્રત્યે રાગ પુદ્ગલની અપેક્ષાએ હોય છે. તે હેય છે. જીવની અપેક્ષાએ જીવ પ્રત્યે લાગણી રાખવી તે નમસ્કારનું ફળ છે અને તેથી પુન્યની ઉત્પત્તિ થાય છે. |

## સિદ્ધિ ઉપાય

શ્રી નવકાર મંત્ર હંમેશા સર્વની આદિમાં બોલાય છે. તેનું કારણ તેનામાં સૌથી શક્તિશાળી કર્મનો ક્ષય કરવાની તાકાત છે. કર્મોમાં સૌથી શક્તિશાળી કર્મ 'મોહનીય' છે. મોહનીયમાં પણ મિથ્યાત્વ મોહનીય અને માનમોહનીય માનવને સર્વ દુરિતોમાં શિરોમણિભૂત છે. મદ, માન અને મિથ્યાત્વનો ક્ષય વિનય નમ્રતા અને સરળતાગુણથી જ સધાય છે.

## સર્વ શ્રેષ્ઠ નવકારમંત્ર

માનવ માત્રને હિતાહિતનો વિવેક કરી શકે તેવી બુદ્ધિ સાંપડી છે. પણ વાસના તૃષ્ણા જન્ય સંસ્કારોથી તે બુદ્ધિ અસત્ તરફ દોડી જાય છે. તેના પરિણામે અસદ્વિચાર અને અસત્ કર્મોની પરંપરા સર્જાય છે. અને દુઃખ શોક ચિંતા ભય તેમજ વિષાદનું વાતાવરણ સર્જાય છે. તેનો અંત તો જ આવી શકે જો બુદ્ધિ સત્ તત્ત્વ તરફ દોરાય અને તેમાંથી સદ્વિચાર અને સત્કર્મોની પરંપરા સર્જાય. નમસ્કારમાં જેને નમવામાં આવે છે તે સત્કર્મસદ્વિચાર અને સદ્બુદ્ધિથી ભરેલા છે. તેથી તેનું સ્મરણ માત્ર બુદ્ધિને સત્ તત્ત્વ તરફ

દોરી જાય છે. નમસ્કાર મંત્ર સર્વ શ્રેષ્ઠ મંત્ર છે. તેથી બુદ્ધિ સ્થિર સૂક્ષ્મ અને શુદ્ધ થાય છે.

### પારસમણિ ચિંતામણિ

નમસ્કાર વડે કઠોરતા નાશ પામે છે અને કોમળતા પ્રગટે છે. પ્રભુનું નામ પારસમણિ છે. નમસ્કાર ચિંતામણિ છે. નમસ્કારથી હિતાહિતની સમજણ હિતમાં પ્રવૃત્તિ તથા અહિતથી નિવૃત્તિ થાય છે. કારણકે જેઓને નમસ્કાર કરવામાં આવે છે તેઓ અહિતથી નિવર્તેલા છે અને હિતમાં પ્રવર્તેલા છે.

### નમસ્કારનો પ્રભાવ

નમસ્કાર એકબીજાનો પરિચય પ્રાપ્ત કરવાનું પરમ સાધન છે. એકબીજાનું ઉચિત સન્માન કરવું તે સર્વ શિષ્ટોનું કર્તવ્ય છે. શ્રેષ્ઠ પુરુષ જ બીજાને પોતાનાથી શ્રેષ્ઠ માનીને નમસ્કાર કરે છે અને એમાં જ એમનું મોટાપણું રહેલું છે. ધર્મશાસ્ત્રો કહે છે કે મહાપુરુષોનાં ચરણમાંથી એક દિવ્ય આત્મશક્તિનો પ્રવાહ વહેતો હોય છે. તે નમસ્કાર કરનારને અતિ લાભપ્રદ અને પુણ્યપ્રદ બને છે. એ કારણે ગુરુજનોને નમસ્કાર માનવ જીવનનું સર્વશ્રેષ્ઠ કર્તવ્ય મનાય છે. નમસ્કારથી કઠોરતા નાશ પામે છે. અને કોમળતા પ્રગટે છે. કૃતઘ્નતારૂપી મહાદોષ નિવારવાનું અને કૃતજ્ઞતારૂપી મહાગુણ વિકસાવવાનું સાધન છે.

### નામ અને નમસ્કાર

| ચિંતામણિ | પારસમણિ |
|---|---|
| નમસ્કાર | પ્રભુનું નામ |
| ૧. સમર્પણ કરાવે છે. | ૧. પરિચય કરાવે છે. |
| ૨. નમસ્કારથી આત્માની પરિણતિ પલટાય છે. | ૨. વસ્તુનો બોધ કરાવે છે. |
| ૩. ચિંતામણિ છે. આત્મરૂપી સુવર્ણને પારસ બનાવે છે. | ૩. મનરૂપી લોખંડને સુવર્ણ બનાવે છે. |
| ૪. નમસ્કાર ક્રિયા કરાવે છે. | ૪. નામ જ્ઞાન કરાવે છે. |



| દ્રવ્યનમસ્કાર | ભાવનમસ્કાર | તાત્ત્વિકનમસ્કાર |
|---|---|---|
| ૧. શરીરનાં સંકોચરૂપ છે. | ૧. મનનાં સંકોચરૂપ છે. | ૧. મનનો સંકોચ સંભેદ અને અભેદ પ્રણિધાનરૂપ છે. અભેદ પ્રણિધાન એ તાત્ત્વિક નમસ્કાર છે. |
| ૨. વચનથી સ્તુતિ અને કાયાથી પ્રણામ. | ૨. જેમને નમવામાં આવે તેમના પ્રગટ ગુણો પોતામાં અપ્રગટ ગુણોને પ્રકટાવવાના હેતુથી થયેલ નમસ્કાર. | |
| ૩. વ્યવહારનમસ્કાર મનની એકાગ્રતાથી, જ્ઞાન આદિ ગુણોની વચનથી, સ્તુતિ અને કાયાથી નમસ્કાર. | ૩. નિશ્ચયથી રાગદ્વેષ રહિતપણે પોતાનું સ્વરૂપ પ્રભુસમાન સમજી આત્મધ્યાનમાં મગ્ન બનાય તે નમસ્કાર. | |

### નમસ્કારથી ઉપયોગની એકાગ્રતા

નમસ્કારની ક્રિયા શબ્દથી, અર્થથી અને ક્રિયાથી ઉપયોગની એકાગ્રતા લાવનારી છે ઉપયોગની એકાગ્રતા પરમ નિર્જરાનો હેતુ છે. ધ્યાન એ ઉપયોગની એકાગ્રતારૂપ છે અને ઉપયોગ અભેદને સધાવનાર છે. દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવનાર ઉપયોગ જ છે. ધ્યાનનું ફળ ધ્યાનની ૯ અવસ્થાઓ વડે સિદ્ધ થાય છે. આ નવપ્રકારના ગુણસહિત કરેલી ક્રિયા ધ્યાતાને ધ્યેય સન્મુખ લઈ જાય છે.

### કરજોડ માનમોડ

નમસ્કારમાં મસ્તક ઝૂકાવીને કર્મના સર્જન માત્રને ધર્મના

શરણમાં ઝૂકાવવાનું છે. હાથ જોડીને ધર્મના સ્વામીની સાથે એકમેક થવાનું છે. કર્મથી પોતાની જાતને અલગ કરવાની અને ધર્મની સાથે જોડી દેવાની ક્રિયાનું નામ નમસ્કાર છે.

વંદનનો અર્થ છે કરજોડ અને માનમોડ. વંદનમાં મનથી માનને છોડવાનું છે. કાયાથી હાથ જોડવાના છે. અને ધર્મની સાથે ધર્મ સાધક અને ધર્મસિદ્ધાંતની સાથે અભેદ સાધવાનો છે. તેનું સાધન મંત્ર, મંત્રોચ્ચાર અને મંત્રમનન છે. તે દ્વારા કર્મક્ષય અને આત્મલાભ મેળવવાનો છે. મંત્રના ઉચ્ચારણ વડે પ્રાણ, પ્રાણની ગતિવડે મન, મનના મનન દ્વારા બુદ્ધિ, ચિત્ત અને તે બધા પ્રત્યેનો અહં ઓગાળીને શુદ્ધ થવાનું છે.

### નવકાર સમજણ

નમો પદ શરણ ગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદના એ ત્રણેયના સંગ્રહરૂપ છે. શરણ ગમન સૂચવનારા પ્રથમનાં પાંચ પદો છે. દુષ્કૃત ગર્હા સૂચવનારાં પછીના બે પદો છે અને સુકૃતાનુમોદના સૂચવનારા અંતિમ બે પદો છે. શરણગમન વડે ભવ્યત્વનો પરિપાક થાય છે. દુષ્કૃત ગર્હા વડે પાપકર્મનો વિગમ થાય છે અને સુકૃતાનુમોદના વડે શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. શુદ્ધધર્મની પ્રાપ્તિથી દુઃખોચ્છેદ, દુષ્કૃતગર્હાથી પાપોચ્છેદ અને શરણગમનથી ભવભ્રમણ શક્તિનો ઉચ્છેદ થાય છે. એટલે અનાદિ સહજમલનો હ્રાસ થાય છે. શરણગમન બે પ્રકારનું છે. objectively બહારથી પરમેષ્ઠિઓનું જેમણે શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. Subjectively નિજશુદ્ધ આત્માનું અથવા આત્મદ્રવ્યનું.

### નમોપદની અર્થ ભાવના

૧. નમો એટલે આભાર ભર્યું હૃદય. (Humility)

૨. નમો એટલે કૃતજ્ઞભાવ (Gratitude)



૩. નમો એટલે પાપની કબૂલાત (Confession)

૪. નમો એટલે લાભનો આભારપૂર્વક સ્વીકાર. (Thanks-Giving)

૫. નમો એટલે વારસદાર હોવાનો દાવો (legal Heir)

૬. નમો એટલે સમર્પિત થવાની ક્રિયા. (Surrrender)

૭. નમો એટલે ભયચિંતાદિનો અસ્વીકાર (Rejection)

૮. નમો એટલે સંપૂર્ણ શ્રદ્ધા આદર અને બહુમાન (Faith & Respect)

૯. નમો એટલે અનંત આનંદ અને સુખમાં નિવાસ (Residence in Bliss)

૧૦. નમો એટલે ગુણગ્રહણ કરવાની પ્રક્રિયા (Receptivity)

૧૧. નમો એટલે પૂજ્યો પ્રત્યે ખુલ્લા થવાની પ્રક્રિયા (Opening)

૧૨. નમો એટલે સર્વપ્રત્યે ખુલ્લુ હૃદય (Openheart)

૧૩. નમો એટલે ઉચ્ચ પ્રતિ અભિમુખતા (Aspiration)

૧૪. નમો એટલે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગતિ (Submission to Supreme)

૧૫. નમો એટલે સત્ શુભનો સ્વીકાર (Acceptance of Good)

૧૬. નમો એટલે સ્વશુદ્ધ સ્વરૂપાભિમુખતા (turning to Divine)

### નમોપદની અર્થભાવના

નમો પદમાં પોતાના વિષય કષાયરૂપી અહં પદનો પરિત્યાગ કરવાની પ્રક્રિયા છે. તથા નિર્વિષય, નિર્વિકાર, નિત્ય, નિરંજન અને શુદ્ધ આત્મ સ્વરૂપમાં પહોંચવા માટેનો આધ્યાત્મિક સિદ્ધ પ્રયોગ છે. નમો પદ એ ગુણી પુરુષોનો વિનય છે. નમો પદ એ પરમેષ્ઠિનું એકાગ્રચિત્તે ધ્યાન કરવાની પ્રક્રિયા છે. એ મનને આત્મસ્વરૂપ પ્રત્યે લઈ જવા માટે કાયા, વાણી અને મનને સંકોચવાની ક્રિયા છે. દ્રવ્ય-

ભાવસંકોચ કરીને આત્મસ્વરૂપમાં પહોંચવા માટેનો વ્યાયામ છે.

**વ્યાપક નમસ્કારભાવ**

(૧) સતતાભ્યાસ એ કર્મયોગ છે.

(૨) વિષયાભ્યાસ એ ભક્તિયોગ છે.

(૩) ભાવાભ્યાસ એ જ્ઞાનયોગ છે.

આ ત્રણે યોગોમાં નમસ્કાર ભાવ વ્યાપક છે. પ્રથમમાં માતાપિતાદિ લૌકિક ઉપકારીઓ પ્રત્યે, બીજામાં દેવ-ગુરુ આદિ લોકોત્તર ઉપકારીઓ પ્રત્યે અને ત્રીજામાં જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોથી યુક્ત આત્મતત્ત્વ પ્રત્યે ભક્તિભાવ, કૃતજ્ઞતાભાવ અને સમર્પણ ભાવ અભિવ્યક્ત થાય છે.

**પ્રશ્ન-૩નો જવાબ—સંસાર નાશક નમસ્કાર**

"બધાને સુખ મળો" તે વિચાર શુદ્ધધર્મની પ્રાપ્તિ કરાવનાર છે. કેમકે સુખનું મૂળ ધર્મ છે. બધાનું દુઃખ દૂર કરવાનું વિચાર તે પાપકર્મનો નાશ કરનાર છે. કેમકે દુઃખનું મૂળ પાપ છે. બધાના પાપનો નાશ થાઓ તે વિચાર સહજમલનો નાશ કરનારો છે કેમકે પાપનું મૂળ સહજમળ છે.

**પ્રશ્ન-૧નો જવાબ—નમસ્કાર એ મહામંત્ર કેમ ?**

"અહં-મમ" એ મોહરાજાનો મંત્ર છે. તે મંત્ર નમસ્કાર વડે નિષ્ફળ જાય છે. "नाहं न मम" એ ધર્મ રાજાનો મંત્ર છે. તે નમસ્કાર વડે સધાય છે. હું એટલે શરીર નહિ પણ નિશ્ચયથી શુદ્ધ આત્મા અને મારુ એટલે ધનાદિ નહિ પણ શુદ્ધ જ્ઞાનાદિ ગુણો, એ શિખવનાર મહામંત્ર શ્રી નમસ્કાર છે, તેથી તે મોહને જીતાવનારો ધર્મરાજાનો મહામંત્ર પણ કહેવાય છે.



**સંસારના રસો**

સંસારદૃષ્ટિ

૧. દુઃખદૃષ્ટિએ સંસાર કરુણ રસથી ભરપૂર છે.
૨. પાપ દૃષ્ટિએ સંસાર રૌદ્રરસથી ભરપૂર છે.
૩. અજ્ઞાન દૃષ્ટિએ સંસાર ભયાનક રસથી ભરપૂર છે.
૪. મોહદૃષ્ટિએ સંસાર બીભત્સ અને હાસ્ય રસથી ભરપૂર છે.
૫. સજાતીય દૃષ્ટિએ સંસાર સ્નેહરસથી ભરપૂર છે.
૬. વિજાતીય દૃષ્ટિએ સંસાર વૈરાગ્યરસથી ભરપૂર છે.
૭. કર્મ દૃષ્ટિએ સંસાર અદ્ભુત રસથી ભરપૂર છે.

આત્મદૃષ્ટિ

૧. ધર્મદૃષ્ટિએ સંસાર વીર અને વાત્સલ્યરસથી ભરપૂર છે.
૨. આત્મદૃષ્ટિએ સંસાર સમતા-રસથી ભરપૂર છે.
૩. પરમાત્મદૃષ્ટિએ સંસાર ભક્તિરસથી ભરપૂર છે.
૪. પૂર્ણ દૃષ્ટિએ સંસાર શાંત રસથી ભરપૂર છે.
૫. વ્યાપક દૃષ્ટિએ બધા રસની સમાપ્તિ શાંત રસમાં થાય છે.
૬. જેમ સૂર્યના શ્વેતવર્ણમાં સાતેય વર્ણ હોય છે. તેમ તૃષ્ણા ક્ષયરૂપ શમરસ-સ્થાયીભાવ વિભાવ-અનુભાવ સંચારીભાવ પામીને શાંતરસમાં પરિણમી જાય છે.

**નવકાર અને સામાયિક**

બધા ધર્મ અનુષ્ઠાનોની ઉત્પત્તિનું મૂળ સ્નેહ પરિણામ છે. તીર્થંકરોના આત્મદ્રવ્યમાં તે સર્વોત્કૃષ્ટ હોય છે. તેથી તેઓ ત્રિભુવનને પૂજનીય બને છે. જીવતત્ત્વની રુચિ માતાના સ્થાને છે. જીવતત્ત્વનો બોધ પિતાના સ્થાને છે. અને જીવરક્ષા વિષયક સંયમ પુત્રના સ્થાને

છે. તેને અનુક્રમે દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવાય છે. રુચિ અને બોધ જગાડવાની શક્તિ નવકારમાં છે. સંયમ એ કરેમિભંતેની પ્રતિજ્ઞાના પાલનમાં છે. એ રીતે નવકાર અને સામાયિક મળીને જૈનપ્રવચન બને છે. ચૈતન્યનો પ્રેમ મંગળનું મૂળ છે. જડનો રાગ પાપનું મૂળ છે. પરમેષ્ઠિ નમસ્કારથી જડનો રાગ જાય છે. તેથી પાપ નાશ પામે છે. અને ચૈતન્યનો પ્રેમ પ્રગટે છે. તેથી ધર્મ મંગલ વધતું જાય છે.

### સમ્યક્ત્વ સંતોષ અને તપ

જેમ વિષય ચિંતનથી મન ચંચળ બને છે. અને શત્રુના વિચારથી ક્રોધ ચઢે છે. તેમ સંતના વિચારથી મન સાત્ત્વિક બને છે. નમસ્કાર મહામંત્રને ગણવાથી જીવરાશિ ઉપર સ્નેહની વૃદ્ધિ થાય છે.

સમ્યક્ત્વગુણ મૈત્રી સ્વરૂપ જીવતત્ત્વની રુચિના લાભરૂપ છે. સંતોષગુણ વૈરાગ્ય સ્વરૂપ અતત્ત્વરુચિના નાશરૂપ છે. અહિંસા જીવસ્નેહરૂપ છે. સંયમ અને તપ આત્મસ્નેહરૂપ છે. અહિંસાથી કાયા સંયમથી ઈન્દ્રિયો અને તપથી મનની રક્ષા થાય છે. અહિંસા, સંયમ અને તપ એ પરમ મંગલ છે.

### પ્રશ્ન-૩નો જનાબ नमो लोए सव्व साहूणं પદ

આ પદથી સર્વ ગુણોના આધારભૂત સમભાવયુક્ત સાધુપણાને નમસ્કાર છે. તેમાં સવ્વ પદનાં પણ ત્રણ અર્થ છે.

(૧) સર્વ પ્રકારે સાધુપણું

(૨) સર્વ પ્રત્યે સાધુપણું

(૩) સર્વનું સાધુપણું

(૧) સર્વ પ્રકારે સાધુપણું પાપના મૂળનો નાશ કરે છે.

(૨) સર્વ પ્રત્યે સાધુપણું સર્વ પાપનો નાશ કરે છે.

(૩) સર્વનું સાધુપણું એ સર્વ પાપનો નાશ કરે છે.



એ રીતે સર્વ સદ્‌ગુણોના આધારભૂત સાધુપણું સાધુભાવ-સમભાવને પ્રગટાવનાર અને સર્વ દુર્ગુણોના આધારભૂત પાપ અર્થાત્ અહં-મમભાવનો નાશ કરનાર આ પંચ નમસ્કાર છે. એમ આ પદથી પ્રગટ થાય છે.

### સમતા આજ્ઞા સામ્યભાવ

અરિહંતોની શક્તિ તે આર્હન્ત્ય. તે શક્તિ સમતારૂપ છે. અને સમતા-સામ્ય એજ અરિહંતોની આજ્ઞા છે. ભેદભાવનો નાશ અને અભેદભાવની ઉત્પત્તિ તે સમતાનું સ્વરૂપ છે. ભેદભાવમાંથી હિંસા આદિ અને ક્રોધાદિ ભાવોની ઉત્પત્તિ થાય છે. અને અભેદ ભાવમાંથી અહિંસાદિ અને ક્ષમાદિ સંવરભાવો ઉત્પન્ન થાય છે. આશ્રવો સર્વથા હેય છે અને સંવર માત્ર ઉપાદેય છે. એવી અરિહંતોની આજ્ઞાનું બીજ સામ્યભાવ છે.

### પરમેષ્ઠિ વડે શુદ્ધિ

દેવે તે દેવ. દિખાવે તે ગુરુ અને ચખાવે તે ધર્મ. દેવથી દર્શન, ગુરુથી જ્ઞાન અને ધર્મથી આચરણની-ચારિત્રની શુદ્ધિ થાય છે.

દેવતત્ત્વનું પ્રયોજન દર્શન અને પૂજન છે.

ગુરુતત્ત્વનું પ્રયોજન દાન અને જ્ઞાન છે.

ધર્મ તત્ત્વનું પ્રયોજન આચરણ અને આસ્વાદન છે.

વિશ્વમાં તત્ત્વભૂત વસ્તુ દશવિધ યતિધર્મ છે. તેને દેખાડનાર અરિહંત, તેનું ફળ સિદ્ધત્વ, તેનો આચાર આચાર્યત્વ, તેનું જ્ઞાન ઉપાધ્યાયત્વ, અને તેની સાધના તે સાધુત્વ છે. અરિહંત-સિદ્ધ દેવ છે. તે પરોક્ષપણે આત્મજ્ઞાન આપે છે. આચાર્ય ઉપાધ્યાય અને સાધુ ગુરુ છે. તે પ્રત્યક્ષપણે આત્મજ્ઞાન આપે છે.

### અભ્યાસ અને વૈરાગ્ય

ચિત્તવૃત્તિના નિરોધ માટે અભ્યાસ અને વૈરાગ્ય એ બે ઉપાય છે.

વૈરાગ્યથી ચિત્તનો બહિર્મુખ પ્રવાહ નિવૃત્ત થાય છે. અભ્યાસ વડે આંતરિક પ્રવાહ સ્થિર થાય છે.

તમોગુણની પ્રબળતાથી ચિત્તમાં આળસ, નિરુત્સાહ, મૂઢતા, વગેરે દોષો ઉત્પન્ન થાય છે. તે બધાની નિવૃત્તિ અભ્યાસથી થાય છે. રજોગુણની અધિકતાથી ચિત્તમાં રહેલો ચંચળતારૂપ વિક્ષેપ વૈરાગ્યથી દૂર થાય છે. ચિત્ત એક નદી છે. તેમાંથી વૃત્તિઓનો પ્રવાહ વહ્યા કરે છે. એક સંસાર સાગર તરફ, બીજો કૈવલ્ય સાગર તરફ. જ્યારે કૈવલ્ય સાગર તરફ ધારા પ્રવાહિત થાય છે ત્યારે ચિત્તમાં પ્રશાંતિ ઉત્પન્ન થાય છે. સંસાર વિરક્તિ પામ્યા પછી સાધુત્વ તરફ અહોભાવ પ્રકટે છે. એનું પાલન કરનારા સાધુઓ પ્રત્યે પણ અહોભાવમાં વૃદ્ધિ થાય છે. એનો આંશિક પરિચય પ્રકરણ ૯માં મેળવીએ.

●●●

# પ્રકરણ-૯

સાધુધર્મ ધારણ કરીને સાધુઓ મુક્તિમાર્ગે યાત્રા શરૂ કરે છે અને સાથે સાથે બીજા મનુષ્યને પણ સંસારમાં કેમ વિરકિતથી જીવવું અને બની શકે તેમ આ માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. દેશવિરતિ અથવા સર્વવિરતિ ધારણ કરવાનું કહે છે.

**સાધુના લક્ષણ**

મુખ્ય લક્ષણ ક્ષમાધર્મ

પ્રેમધર્મની વિશિષ્ટ શક્તિઓ

| નિરાગ્રહ વૃત્તિ | વિશિષ્ટમતિ | ન્યાયબુદ્ધિ | આત્મશક્તિ |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| દર્શનશક્તિ | જ્ઞાનશક્તિ | ચારિત્રશક્તિ | તપશક્તિ |
| જે પ્રેમમાર્ગે જીવનને ટકાવી રાખે છે. | જે મતિની નિપુણતાથી જીવને પ્રેમતત્ત્વનું મહત્વ સમજાવવામાં સહાય કરે છે. | જે પ્રેમનું મહત્ત્વ અંકિત કરે છે. | જે પ્રેમમાં દઢતા ઉત્પન્ન કરે છે. |

**મંત્ર અને શાસ્ત્ર (પ્રશ્ન-૧૦ જવાબ)**

| શાસ્ત્ર | મંત્ર |
|---|---|
| ૧. શાસ્ત્ર સ્વરૂપ તરફ આંગળી ચીંધે છે. | ૧ મંત્ર સ્વરૂપનો અનુભવ કરાવે છે. |
| ૨. શાસ્ત્ર માર્ગ દર્શક છે. | ૨. મંત્ર માર્ગ સાથી છે સ્વરૂપે પહોંચવાનું છે. |
| ૩. શાસ્ત્ર દીપકની જેમ સહાય કરે છે. | ૩. મંત્ર મિત્રની જેમ સહાય કરે છે. |
| ૪. શાસ્ત્ર ચેતનાનું મહત્ત્વ સમજાવે છે | ૪. મંત્ર સૂતેલી ચેતનાને જગાડે છે. |
| ૫. શાસ્ત્ર શાસન વડે ત્રાણ લક્ષણ કરે છે. | ૫. મંત્ર મનન વડે ત્રાણ કરે છે. |
| ૬. શાસ્ત્રનું અધ્યયન કરવાનું હોય છે. | ૬. મંત્રનું ચિંતન-મનન કરવાનું હોય છે. |
| ૭. શાસ્ત્ર અધ્યયન વડે બુદ્ધિનું રક્ષણ કરે છે. | ૭. મંત્ર ચિંતન-મનનથી મનનું રક્ષણ કરે છે. |

૮. શાસ્ત્ર બુદ્ધિને શુદ્ધ કરે છે. ૮. મંત્ર મનને વિકલ્પ રહિત કરે છે.

૯. શાસ્ત્રાભ્યાસ વડે બુદ્ધિ સ્થિર થાય છે. ૯. મંત્ર વડે મન સ્થિર થાય છે.

## નવકારની અગાધ શક્તિ

નવકારની આરાધના એટલે આત્મભાવની આરાધના-આત્મભાવ આવે એટલે સર્વાત્મભાવ આવે જ. આપણી સમગ્રતાનો શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને નિષ્કામભાવે હવાલો સોંપી દેવો તે છે. નમોનો ભાવાર્થ. મન પોતાનામાં સમાયેલું ન રહે તેનું નામ નમન. નમો પદ જીવ-જીવ વચ્ચે ભેદ પડાવનાર કર્મબંધનોને મૂળમાંથી ઉખેડવા માટે અભેદભાવ અને નમસ્કારૂપી બહુમાનનો ભાવ લાવે છે. નમો સર્વ જીવોને આત્મતુલ્ય ગણવાનો ભાવ સિદ્ધ કરવા માટેનો શુભભાવ છે. નવકાર એ વિભાવને નમાવવાની અને સ્વભાવને નમવાની ક્રિયા છે.

## મંત્ર અને શાસ્ત્રનું કાર્ય

શાસ્ત્ર અભ્યાસ વડે બુદ્ધિ શુદ્ધ અને સ્થિર થાય છે. પણ મનની ચંચળતા સર્વથા મટતી નથી. મંત્ર વડે મન સ્થિર થાય છે. મનને સૌથી વધુ નિકટનો સંબંધ મંત્રના અક્ષરો સાથે છે. અને અક્ષરોને સૌથી નિકટનો સંબંધ બુદ્ધિના નિર્ણયો સાથે છે. તેથી બંનેની સાધના એક સાથે આવશ્યક છે.

## પંચ આજ્ઞાને નમસ્કાર

નમો + અરિહંત + આણં—શ્રી અરિહંતોની આજ્ઞાને નમસ્કાર, પાંચ આજ્ઞાઓને કરેલો નમસ્કાર સર્વ પાપનો સમૂળો નાશ કરે છે. સર્વમંગલોમાં પ્રથમ મંગલ છે. આજ્ઞા તે આજ્ઞા છે તેમાં તર્ક કે દલીલને અવકાશ નથી. આજ્ઞા, આજ્ઞાપાલન કરનારની રક્ષા કરે છે. અને વિરુદ્ધ વર્તનારનું શાસન (શિક્ષા) કરે છે. કાં તો આરાધન કરો અને સુખ પામો. કાંતો વિરાધના કરો અને દુઃખ પામો.



## મંગલ પદની વ્યુત્પત્તિ

જે મને ભવથી, સ્વાર્થથી, અહં-મમતાથી દૂર કરી આપે તે પ્રથમ મંગલ છે. નિત્ય વૃદ્ધિ પામતું મંગલ છે. અને શાશ્વત મંગલ છે. અહંત્વને અર્હંત્વથી અને મમત્વને સમત્વથી ગાળી આપે છે—ટાળી આપે છે—દૂર કરી આપે છે તેથી મંગલ છે.

## ચૈતન્યની ઉપાસના

ચૈતન્યના એકપણ અંશની હીલના અનંત ચૈત્યની આશાતના છે. એકપણ અંશનું બહુમાન સર્વ ચૈતન્યની ભક્તિરૂપ છે. ધર્મ તેનું નામ છે. જેનાવડે ચૈતન્ય તત્ત્વનું ધારણ પોષણ અને શોધન થાય. એ ધર્મ સહુને સુખકારી છે ધર્મએ સાર્વજનિક વસ્તુ છે. જે સર્વને સુખ કરે તેનું નામ ધર્મ છે.

## પ્રશ્ન-૮નો જવાબ—નમ્રતાની મહતા

શ્રી નવકાર વડે પોતાના અહંકારની ક્ષુલ્લકતા, ક્ષુદ્રતા, તુચ્છતા, હીનતા અને લઘુતા દેખાય છે. પરમતત્ત્વની મહત્તા, ભવ્યત્તા, સારમયતા, ગુરુતરતા, ઉચ્ચતમતાનો ખ્યાલ આવે છે તેનાથી સાત્ત્વિક પ્રસન્નતા પેદા થાય છે.

'નમો'ના નમ પદાર્થ વડે મમ ભાવ જાય છે. અરિહંતના અર્હંભાવ વડે 'સમ' ભાવ આવે છે. એનાથી આત્મા રાગ-દ્વેષથી મુક્ત થાય છે. વીતરાગ ભાવને પામે છે. 'મમ' ભાવ એ સ્વાર્થ ભાવ છે. સમભાવ એ સર્વાર્થ ભાવ છે.

## નમ્રતા અને ઉદારતા

કૃતજ્ઞતા વિનાનો પરોપકાર એ અહંકાર છે. અને પરોપકાર વિનાની કૃતજ્ઞતા એ માયાચાર છે. પરોપકારને નિરહંકાર બનાવવા માટે કૃતજ્ઞતાભાવની જરૂર છે. કૃતજ્ઞતાગુણથી સહજમલનો હ્રાસ થાય છે. પરોપકાર ગુણથી તથાભવ્યત્વનો પરિપાક થાય છે. મેં પારકા

ઉપર ઉપકાર કર્યો એ વિચાર જ "હું" પણાને મજબૂત કરનાર છે તેથી "હું" પણામાંથી છૂટવા માટે પરોપકારભાવ કૃતજ્ઞતા ગુણમાંથી પ્રગટેલો હોવો જોઈએ. પરના જેટલા ઉપકાર મારા પર થઈ રહ્યા છે તેનો અંશ પણ પ્રત્યુપકાર મારાથી થઈ શકતો નથી તેવો ખ્યાલ નમસ્કાર પોષક બનશે. કૃતજ્ઞતા પરના ગુણનું સતત સ્મરણ કરાવનાર હોવાથી સ્વાર્થના વિસ્મરણમાં ઉપકારક થાય છે અને પરોપકારના કાર્યમાં પ્રવેશ પામતા અહંકારને રોકનાર થાય છે. સહજમળ એટલે અનાદિ સ્વાર્થવૃત્તિનું પોષકમળ. તે સ્વાર્થવૃત્તિ પરાર્થવૃત્તિથી જિતાય છે.

પરાર્થ વૃત્તિ બે પ્રકારની છે. (૧) બીજાએ કરેલા ગુણોની સ્મૃતિથી થતી નમ્ર વૃત્તિ અને (૨) બીજાના ઉપકાર ઉપર પ્રતિઉપકાર કરવા રૂપ પોતાના કર્તવ્યના સ્મરણથી ઉત્પન્ન થતી ઉદારવૃત્તિ, ઉદારતા સ્વને (અહંકારને) ભૂલવા રૂપ છે. અને નમ્રતા પરને યાદ રાખવા રૂપ છે. સહજમલના નાશ માટે નમ્રતા, અને તથાભવ્યતાના વિકાસ માટે ઉદારતા.

## ચેતન અને જડ

| ચેતન | જડ |
|---|---|
| ૧. વિષયોને નમવાનું છોડીને પંચ પરમેષ્ઠિઓને નમવું. એ ચેતનને નમવું છે. | ૧. વિષયોને નમવું તે જડને નમવાનું છે. |
| ૨. વિવેકી આત્મા ચેતનને નમે છે. વિવેક વિચારથી જન્મે છે. ને વિચારએ સત્યની શોધ છે. | ૨. અવિવેકી આત્મા જડને નમે છે. |
| ૩. ચેતન સુખનો આધાર છે. | ૩. જડ સુખ રહિત છે. |
| ૪. ચૈતન્યની ભક્તિ ઉપાદેય છે. | ૪. જડની આસક્તિ હેય છે. |
| ૫. ચૈતન્યની સ્પૃહા એ કર્તવ્ય છે. | ૫. જડની અસ્પૃહા એ કર્તવ્ય છે. |



## પરોપકાર

સ્વાર્થવૃત્તિ એ મળ છે. કારણ કે તેની પાછળ ભારોભાર મોહ અને અજ્ઞાન છે. બધા આત્માઓ સ્વ સમાન છે. એ મૌલિક જ્ઞાનના અભાવે જ મોટા ભાગે રાગ-દ્વેષ ઈર્ષ્યા, અમર્ષ આદિ દોષો ઉત્પન્ન થાય છે. સર્વ દોષોનું મૂળ અજ્ઞાનતા છે. કૃતજ્ઞતા એ પરોપકાર માટેની પૂર્વભૂમિકા પૂર્વ તૈયારી છે. પરોપકાર એ સ્વોપકારનું અણમોલ સાધન છે. એટલે પરોપકાર વડે પરનો નહિ પણ સ્વનો ઉપકાર સધાય છે.

## મદ નાશક નવકાર

આઠ મદનો ભય લાગે ત્યારે નમસ્કારની ભાવથી પ્રાપ્તિ થાય છે. આઠમદનાં કારણભૂત આઠ કર્મ અને આઠ કર્મના કારણભૂત ચાર કષાય અને ચાર કષાયના કારણભૂત પાંચ વિષય અને તેના કારણભૂત ચાર સંજ્ઞાઓ વગેરેથી ભયભીત થયેલો જીવ શ્રી નવકારની આરાધનાના બળે સર્વ ભયોને જીતી લે છે. આત્મદષ્ટિએ આપણા કરતાં કોઈ નાનું નથી. એમ લાગે ત્યારે નમસ્કાર લાગુ પડ્યો ગણાય છે. એ ભાવનમસ્કારને પામીને જ સર્વ જીવો મોક્ષે જાય છે. આપણું કર્તવ્ય સર્વના હિતમાં સક્રિય બનવાનું છે.

## કૃતજ્ઞતાની વ્યાખ્યા

કૃત = ઋણ, જ્ઞ = જ્ઞાન, તા = ભાવ. ઋણના સમ્યક્જ્ઞાનનો સદ્ભાવ તેનું નામ કૃતજ્ઞતા. કૃતજ્ઞતામાં દર્શન અને જ્ઞાન, તત્ત્વપૂર્વક ચારિત્ર એટલે પરોપકાર. કૃતનું સમ્યક્જ્ઞાન હોય ત્યાં જ સમ્યગ્દર્શન ઘટે.

## પરમેષ્ઠિ વર્ણો

મૈત્રીભાવના ઉપદેશક અરિહંત એ ધર્મવૃક્ષનું મૂળ છે. અને તે શ્વેત વર્ણે ધ્યાતવ્ય છે. તેનું આચરણ જ્ઞાન અને સાધના વડે સિદ્ધ

કરનાર સિદ્ધ છે. ને તે રક્ત વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે. કારણ કે તે ફળ સ્વરૂપે છે. આચરણ તે પુષ્પ છે. તેથી આચાર્યો પીતવર્ણે ધ્યાન કરવા યોગ્ય છે. જ્ઞાનાભ્યાસમાં રત એવા ઉપાધ્યાયો નીલ વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે. કારણ કે તે પત્ર સ્વરૂપ છે. સાધના એ સ્કંધરૂપ (થડ) તેમજ તેની શાખા પ્રશાખારૂપ છે. તેથી સાધુ પદ કૃષ્ણ વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે. આ રીતનું ધ્યાન મૂળનું સિંચન કરે છે. તેના પરિણામે અમૈત્રી રૂપ મહામોહાંધકારનો વિલય થાય છે.

મૈત્રીભાવ એટલે શું ? કહેવાતી મૈત્રીનું મૂળ સ્વાર્થ હોય છે. સાચી મૈત્રી કોને કહેવી વગેરે વાતો આપણે ૧૦માં પ્રકરણમાં જોઈએ.

●●●

# પ્રકરણ-૧૦

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થતા-આ ચાર ભાવનાનું ફળ નવકાર દ્વારા કેવી રીતે સાધ્ય થાય છે તે આપણે વધુ વિગતમાં જોઈએ.

## ભાવનાઓનું ફળ

નમો પદનાં ભાવનથી કૃતજ્ઞતા અને મિત્રતા પ્રગટે છે. 'अरिहं' પદનાં ભાવનથી પ્રમોદભાવ પ્રગટે છે. ''ताणं'' પદનાં ભાવનથી કરુણા અને માધ્યસ્થભાવ પ્રગટે છે. મૈત્રી કષાયને હણે છે. પ્રમોદ પ્રમાદને અથવા મિથ્યાત્વને હણે છે. કારુણ્ય અવિરતિને હણે છે અને માધ્યસ્થ દુષ્ટ યોગોને હણે છે. ચારે ભાવનાઓ મળીને કર્મબંધના ચારે હેતુઓને હણી, હિંસા આદિ અઢારે પાપ સ્થાનકમાંથી પ્રગટ થતાં સર્વ પાપોનો નાશ કરે છે. નમો પદ વિનયની વૃદ્ધિ કરે છે. મન-વચન-કાયાની શુદ્ધિ કરે છે. વિષય-કષાયને શાંત કરે છે. ધર્મ ધ્યાનને પુષ્ટ કરે છે. કામ-ક્રોધ આદિ આંતર શત્રુઓ નમો પદના ધ્યાનથી પલાયન થઈ જાય છે.

## આત્માનો નવકાર સાથે વાર્તાલાપ

નવકારના પ્રથમ પાંચ પદોના સ્મરણ વખતે પરમેષ્ઠિઓ સાથે આપણે વાત કરીએ છીએ. બાકીના ચાર પદોમાં પરમેષ્ઠિઓ આપણી સાથે વાત કરે છે. છેલ્લા ચાર પદો તેમની સન્મુખ કરાવે છે. પરિણામે શાંતિ અને આનંદ આપણને તથા બીજાઓને પણ અનુભવાય છે.

## નવકારથી યોગ્યતાનો વિકાસ

દુઃખ રૂપ સંસાર ધર્મ મંગલથી જાય છે. ધર્મ મંગલની પ્રાપ્તિનું સાધન સુકૃતાનુમોદના છે. દુઃખ પરંપરક સંસાર અરિહંતાદિ ચારની શરણાગતિથી જાય છે. તેનું સાધન તથાભવ્યત્વનો પરિપાક તથા

સહજમલનો હ્રાસ છે. પરમેષ્ઠિ પદ પામેલા સત્પુરુષોની સાથે અનુકૂળ સંબંધમાં આવવાનું થાય છે. એટલે કૃતજ્ઞતા. (પ્રતિકૂલ એટલે કૃતઘ્નતા.) પ્રથમ પાંચ પદ વડે અનુકૂળ સંબંધ થાય છે. તથા અશુભકર્મના સંબંધમાં આવવાની જીવની યોગ્યતા ટળે છે. દુષ્કૃતગર્હાની ક્રિયા ભવની પાપરૂપતાનો જુગુપ્સાભાવ ઉત્પન્ન કરીને છેદ ઉડાડે છે. અને સુકૃતાનુમોદનની ક્રિયા ભવની દુઃખરૂપતાને ધર્મ મંગળના સેવન વડે ટાળી આપે છે. અહિંસાથી પાપ જાય છે. સંયમથી દુઃખ જાય છે. તપથી કર્મ જાય છે. અહિંસાનું સાધન જીવો પ્રત્યે મૈત્રીભાવ છે.

## ભાવ સંકોચ

નમવું એટલે મન, વિચારો, નિર્ણયો, ગમા અણગમાને તુચ્છ લેખવા. વૃત્તિઓ ઉપર પરિગ્રહ અને મૂર્છાની ભાવનાઓને નિવૃત્ત કરવી. તેને ભાવસંકોચ કહે છે. એટલે આત્મભાવ સિવાય બીજા ભાવોને ગૌણ લેખવા.

## મોહ નાશનો ઉપાય

અનાદિકાળથી જીવના સાચા પ્રતિપક્ષી કોઈ હોય તો તે આઠ પ્રકારના કર્મો છે તેમાં પણ મોહનીય કર્મ મુખ્ય છે. તેના બે પ્રકાર છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય પરમેષ્ઠિ નમસ્કારથી તેનો સમૂળ નાશ થાય છે. માટે सव्व पाव-पणासणो કહ્યું છે. હવે તે કેવી રીતે નાશ પામે છે તે વિચારીયે. મોહનીયમાં દર્શન મોહનીય બળવાન છે. નવકારના પ્રથમ પદથી તે જીતાય છે. દર્શન મોહ એટલે ઉલટી માન્યતા. અરિહંતને ભાવથી નમસ્કાર કરવાથી જીવ સમ્યગ્ માન્યતામાં આવે છે. તેથી ઊંધી માન્યતા ટળે છે. એટલે દર્શન મોહનીયનો નાશ થાય છે. પછી સાચી સમજણને લીધે ચારિત્ર મોહનીયનો પણ નાશ થાય છે.



## ક્રોધને જીતવાનો ઉપાય

नमो लोए सव्व साहूणं પદથી ક્રોધને જીતવાનું બળ પ્રગટે છે. ભાવ સાધુતાને વરેલા મુનિવરો સતત ક્ષમાના આધારે ક્રોધને જીતવા કટિબદ્ધ થયા છે. એ કારણે સાધુઓને "ક્ષમાશ્રમણ" ક્ષમા પ્રધાન સાધુ તરીકે સંબોધવામાં આવે છે. ક્રોધ એ અગ્નિ છે. ક્ષમાએ જલ છે. જલ અગ્નિ કરતાં વધુ બલવાન છે. આવી ક્ષમા કેળવવાની પ્રેરણા સાધુ પાસેથી મળે છે.

## માનને જીતવાનો ઉપાય

नमो उवज्झायाणं જાપ કરવાથી માનરૂપી કષાય દોષ ટળે છે. અને નમ્રતા ગુણ પ્રકટે છે. ઉપાધ્યાય પોતે વિનયગુણને વરેલા હોય છે. તેમના પ્રત્યે બહુમાન કેળવવાથી આપણામાં પણ તે ગુણ પ્રગટે છે. જેમ જેમ મનુષ્ય વધુ નમ્ર બનતો જાય છે તેમ તેમ તે વધારે ઉન્નત થતો જાય છે.

## માયાને જીતવાનો ઉપાય

नमो आयरियाणं પદથી માયાચાર દૂર થાય છે. પ્રાપ્તશક્તિને ગોપવી અર્થાત્ તેનો સદુપયોગ ન કરવો તે માયાચાર કહેવાય છે. આચાર્યો પોતાનું બળ જરા પણ ગોપવતા નથી. નમવાથી માયા કષાય ટળે છે. અને સરળતા ગુણ પ્રગટે છે તે મુક્તિની નજીક પહોંચતો જાય છે.

## લોભને જીતાવાનો ઉપાય

સિદ્ધ પદને નમવાથી પોતાના આત્મામાં રહેલી અનંત ઋદ્ધિનું દર્શન થાય છે. તેનાથી દુન્યવી ઋદ્ધિનું આકર્ષણ રહેતું નથી. આમ લોભ જીતાય છે.

આજના તર્કયુક્ત જમાનામાં નવકાર અને મનોવિજ્ઞાનનો સંબંધ પ્રકરણ ૧૧માં જોઈએ.

# પ્રકરણ-૧૧

## પ્રશ્ન-૧૧ જવાબ : મનોવિજ્ઞાનની દૃષ્ટિએ નમસ્કારમંત્ર

આજના વિજ્ઞાન અને સંશોધન યુગમાં નવકારનો પ્રભાવ આપણા મન ઉપર કેવી રીતે પડે છે. તે જોઈને આજનું વિજ્ઞાન ચકિત થઈ જાય છે.

મનોવિજ્ઞાનની દૃષ્ટિથી આ વિચારણીય પ્રશ્ન છે કે નમસ્કાર મહામંત્રનો મન ઉપર શો પ્રભાવ પડે છે ?

આ મંત્રને સર્વ કાર્ય સિદ્ધિપ્રદ કહેવામાં આવ્યો છે. તો આ મંત્રથી આત્મિક શક્તિનો વિકાસ કેવી રીતે થાય છે ? મનોવિજ્ઞાનની દૃષ્ટિએ દશ્ય ક્રિયાઓ ચેતન મનમાં અને અદશ્ય ક્રિયાઓ અચેતન મનમાં થાય છે. આ બંને ક્રિયાઓને મનોવૃત્તિ કહે છે. મગજમાં જ્ઞાનવાહી અને ક્રિયાવાહી એમ બે પ્રકારની નાડીઓ હોય છે. મનોવૃત્તિના ત્રણ અંશો છે. દરેક અંશોના ભેદો છે. (See table) જ્યાં સુધી વ્યક્તિના મનમાં કોઈ સુંદર આદર્શ અથવા કોઈ મહાન વ્યક્તિ પ્રત્યે શ્રદ્ધા અને પ્રેમનો સ્થાયીભાવ નથી હોતો ત્યાં સુધી દુરાચારથી દૂર રહીને સદાચારમાં તેની પ્રવૃત્તિ નથી થઈ શકતી. જ્ઞાનમાત્રથી દુરાચાર રોકી શકાય તેમ નથી. માનસિક ઉદ્વેગ, વાસના, અને માનસિક વિકાર ઉચ્ચ આદર્શ તરફની શ્રદ્ધાના અભાવમાં દૂર કરી શકાય તેમ નથી. પરિણામ નિયમ, અભ્યાસ નિયમ, અને તત્પરતા નિયમ દ્વારા ઉચ્ચ આદર્શને મેળવીને વિવેક અને આચરણને દઢ કરવાથી જ માનસિક વિકાર અને સહજ પાશવિક પ્રવૃત્તિઓને દૂર કરી શકાય છે.

મનોવિજ્ઞાન માને છે કે માણસમાં ૧૪ મૂળવૃત્તિઓ (Instincts) દેખાય છે. આ વૃત્તિઓ (૧) ભોજન શોધવું (૨) દોડવું (૩) લડવું (૪) ઉત્સુકતા (૫) રચના (૬) સંગ્રહ (૭) વિકર્ષણ (૮) શરણાગતિ



(૯) કામ પ્રવૃત્તિ (૧૦) શિશુરક્ષા (૧૧) બીજા પર પ્રેમ (૧૨) આત્મ પ્રકાશન (૧૩) વિનીતતા અને (૧૪) હાસ્ય. આ ૧૪ મૂળભૂત વૃત્તિઓ સંસારના સર્વ પ્રાણીઓમાં છે.

મનુષ્યની વિશેષતા એ છે કે તે આ વૃત્તિઓમાં સમુચિત પરિવર્તન કરી શકે છે. પ્રત્યેક મૂળવૃત્તિનું બળ તેનું પ્રકાશન થવાથી વધે છે. તે પ્રકાશન ઉપર નિયંત્રણ ન હોય તો તે લાભપ્રદ થવાને બદલે હાનિપ્રદ બને છે. કેવલ મૂળવૃત્તિઓથી સંચાલિત જીવન અસભ્ય અને પાશવિક કહેવાશે. માટે મનુષ્યની મૂળવૃત્તિઓમાં (૧) દમન (Repression) (૨) વિલયન (Intilition) (૩) માર્ગાન્તરીકરણ (Redirection) અને (૪) શોધન (ઉચ્ચીકરણ) (sulimation) આ ચાર પરિવર્તનો થતાં રહે છે. મનુષ્ય તે કરી શકે છે. જીવનને ઉપયોગી બનાવવા માટે એ આવશ્યક છે કે મનુષ્ય પ્રતિસમય પોતાની વૃત્તિઓનું દમન કરે અને તેને નિયંત્રણમાં રાખે. અસ્તિત્વના વિકાસ માટે મૂળવૃત્તિઓનું દમન તેટલું જ આવશ્યક છે. જેટલું તેઓનું પ્રકાશન આવશ્યક છે.

### મૂળવૃત્તિઓના પરિવર્તનના ઉપાયો

મૂળવૃત્તિઓના પરિવર્તનના ચાર ઉપાયો છે. (૧) પહેલો ઉપાય છે દમન. મૂળવૃત્તિઓનું દમન વિચાર અથવા વિવેક વડે થાય છે. નમસ્કાર મહામંત્રના ઉચ્ચારણ, સ્મરણ, ચિંતન, મન અને ધ્યાન વડે મન ઉપર એવા સંસ્કારો પડે છે કે જેથી જીવનમાં શ્રદ્ધા અને વિવેક સ્વભાવિક ઉત્પન્ન થાય છે. મહામંગલ વાક્યોની વિદ્યુત શક્તિ આત્મામાં એવા પ્રકારનો (shock–કરંટશક્તિ) આપે છે જેથી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ જન્ય સંજ્ઞાઓ સહેલાઈથી જીતી શકાય છે.

(૨) બીજો ઉપાય છે વિલયન. વિલયન બે પ્રકારે થઈ શકે છે. નિરોધ-વૃત્તિઓને ઉત્તેજિત થવાનો અવસર જ ન આપવો. આથી

મૂળવૃત્તિઓ થોડા સમયમાં નષ્ટ થાય છે. વિરોધ—જે સમયમાં જે વૃત્તિકાર્ય કરતી હોય તે જ સમયે તેનાથી વિપરીત બીજી વૃત્તિને ઉત્તેજિત થવા દેવી.

(૩) ત્રીજો ઉપાય—માર્ગાન્તરીયકરણ—આ ઉપાય ઉપરના બંને ઉપાયો કરતાં શ્રેષ્ઠ છે. નમસ્કારથી મંગલ વાક્યોનું જીવ ચિંતન કરતો રહે તો ચિંતનવૃત્તિનું સુંદર માર્ગાન્તરીકરણ થાય છે. મનમાં કોઈને કોઈ વિચાર અવશ્ય આવવાના જ. તેથી ચારિત્ર ભ્રષ્ટ કરનાર વિચારોના સ્થાને ચારિત્ર વર્ધક વિચારોને સ્થાન આપવામાં આવે તો મનની ક્રિયાપણ ચાલતી રહેશે અને તેના ઉપર શુભ પ્રભાવ પણ પડતો રહેશે.

(૪) ચોથો ઉપાય-શોધન. જે વૃત્તિ નિન્દનીય કર્મરૂપે પ્રકાશિત થાય છે તે શોધિત રૂપમાં (શુદ્ધિના રૂપમાં) પ્રકાશિત થાય તે પ્રશંસાપાત્ર બની જાય છે.

ઉપર જણાવેલા ચાર ઉપાયોનું પરિણામ એ છે કે નમસ્કાર મહામંત્ર વડે કોઈપણ વ્યક્તિ પોતાના ચેતન, અવચેતન અને અચેતન મનને પ્રભાવિત કરી અચેતન અવચેતન પર સુંદર સ્થાયીભાવનો સંસ્કાર નાંખે છે. જેથી મૂળવૃત્તિઓનો પરિષ્કાર થાય છે. અને અચેતન મનમાં વાસનાઓને એકત્ર થવાનો અવસર રહેતો નથી. આરાધકનું આંતરિક દ્વંદ્વ શાંત થઈ જાય છે. નૈતિક ભાવનાઓનો ઉદય થાય છે. જેથી અનૈતિક વાસનાઓનું દમન થઈ નૈતિક સંસ્કારો ઉત્પન્ન થાય છે. અને જ્ઞાનનો વિસ્તાર વધે છે.



## મનોવિજ્ઞાન અને નમસ્કાર

મનોવૃત્તિ = ક્રિયા, દૃશ્ય અને અદૃશ્ય
ચેતન અને અવચેતન મન

↓

મનોવૃત્તિના ત્રણ અભિન્ન અંશો
(૧) જ્ઞાનાત્મક-સંવેદન, પ્રત્યક્ષીકરણ
સ્મરણ કલ્પના અને વિચાર
(૨) સંવેદનાત્મક-સંદેશ, ઉમંગ,
સ્થાયીભાવ અને ભાવનાગ્રંથી
(૩) ક્રિયાત્મક—સહજક્રિયા, મૂળવૃત્તિ
ટેવ, ઇચ્છિત ક્રિયા અને ચારિત્ર

↓

| મૂળવૃત્તિઓ | | |
|---|---|---|
| ૧. ભોજન શોધવું | નમસ્કાર | ૧. દમન Repression |
| ૨. દોડવું | મહામંત્રથી | ૨. વિલયન Inhilition |
| ૩. લડવું | વૃત્તિ | ૩. માર્ગાન્તરીકરણ Redirection |
| ૪. ઉત્સુકતા | | ૪. શોધન Sublimation |
| ૫. રચના | | |
| ૬. સંગ્રહ | | |
| ૭. વિકર્ષણ | | |
| ૮. શરણાગતિ | | |
| ૯. કામપ્રવૃત્તિ | | |
| ૧૦. શિશુરક્ષા | | |
| ૧૧. બીજા પર પ્રેમ | | |
| ૧૨. આત્મ પ્રકાશન | | |
| ૧૩. વિનીતતા | | |
| ૧૪. હાસ્ય | | |

# પરિશિષ્ટ-૧

**પ્રકરણ ૧લામાં પૂછેલા ૧૧ પ્રશ્નોનાં જવાબોના પાના નંબર.**

| પ્રશ્ન નંબર | જવાબ સ્થળ- પાના નબર |
|---|---|
| ૧ | ૩ અને ૫૧ |
| ૨ | ૩ |
| ૩ | ૪, ૪૩ અને ૪૫ |
| ૪ | ૩૧ |
| ૫ | ૧૧ |
| ૬ | ૧૦ |
| ૭ | ૨૭ |
| ૮ | ૫૮ |
| ૯ | ૩૦ |
| ૧૦ | ૫૬ |
| ૧૧ | ૬૮ |

●●●



# પરિશિષ્ટ-૨

**પ્રકરણ પેટા શીર્ષકો ત્રૈલોક્ય દીપક મહામંત્રાધિરાજ ગ્રંથનું**
**વિસ્તાર વિવેચન-પાના નંબર**


પ્રકરણ-૧

નમસ્કાર ભાવાર્થ ૧૨૫
રહસ્યભૂત અર્થ ૧૨૫
મંત્ર અને વિદ્યા ૧૩૦
નમસ્કાર અને વિનય ૧૫૧
નવકાર-ક્ષમા અને અહંકાર ૧૫૯
નમસ્કારના પાંચ પ્રકારો ૧૭૦
નવકારના નવ રસ અને સ્થાયીભાવો ૧૮૨
નમો અને મન ૧૯૨
નવકારમાં નમોપદ ૬ વખત આવે ૧૯૩
નવકારના (૫) પદો, અડસઠ અક્ષરો અને ૮ સંપદા ૨૦૨
નવકાર અને ધ્યાન ૨૦૪
ભાવ નમસ્કાર ૨૧૦
નવપદ અને નવ પુન્ય ૨૧૨
નમસ્કાર અને ઋણ મુક્તિ ૨૧૪
નવકારનું પહેલું પદ દસ રીતે ૨૧૬
પંચ પરમેષ્ટિમાં આર્હન્ત્ય ૨૧૮
નમો અરિહંતાણંનો મર્મ ૨૨૦
નમો પદનું મહાત્મ્ય ૨૨૨
૬ આવશ્યકમયશ્રી નવકાર ૨૨૪
નમસ્કારનું રહસ્ય ૨૨૭
સર્વમંત્ર શિરોમણિ શ્રીનવકાર ૨૪૦

પ્રકરણ-૨

નવપદ અને નવ પુન્ય (ટેબલ) ૨૧૨
છ આવશ્યકમય શ્રી નવકાર (ટેબલ) ૨૨૪
પંચ અવસ્થા ભાવન (ટેબલ) ૨૪૬
શ્રી નવકાર ત્યાં જૈનત્વ ૨૪૮

પ્રકરણ-૩

નમસ્કાર ધર્મનો મર્મ ૨૫૭
યોગદૃષ્ટિએ નમસ્કાર અધિકારી ૨૮૧
ઇન્દ્રિય જનીત સુખ ૨૮૫
નમસ્કારથી મનકોષ શુદ્ધિ ૨૮૮
બુદ્ધિની નિર્મળતા અને સૂક્ષ્મતા ૨૮૯
રાગ દ્વેષ અને મોહનો ક્ષય ૨૯૧
નમસ્કાર ધર્મનો મર્મ (ટેબલ) ૨૫૭
યોગદૃષ્ટિએ નમસ્કાર- યોગના ૮ અંગો (ટેબલ) ૨૮૧
નિર્વેદ સંવેગ રસ ૨૯૨
ઈષ્ટતત્ત્વની અચિંત્ય શક્તિ ૨૯૫

પ્રકરણ-૪

નમસ્કારથી કર્મક્ષય ૨૯૬
સ્વદોષ દર્શન અને પરગુણ દર્શન ૩૧૦
અરિહંતાદિ ચારનું અવલંબન-બોધ ૩૧૪
વિતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ ૩૧૫

| | |
|---|---|
| શરણ ગમન વડે ચિત્તનું સમત્વ | ૩૧૬ |
| મંત્ર ચૈતન્યની જાગૃતિ | ૩૨૪ |
| કૃતજ્ઞતા અને સ્વતંત્રતા | ૩૨૫ |
| નવકારમાં સર્વ સંગ્રહ (ટેબલ) | ૨૯૬ |
| નમોમંત્રનું અનાહત સ્વરૂપ | ૩૨૬ |
| તાત્ત્વિક ભવનિર્વેદને મોક્ષ અભિલાષ | ૩૪૧ |
| પાપ નાશક અને મંગલ ઉત્પાદક | ૩૪૨ |
| નમો મંત્ર વડે અહંતા અને મમતાનો ત્યાગ | ૩૪૮ |
| નવકારમાં નવરસોને જન્મજાત સ્થાયી ભાવો (ટેબલ) | ૧૮૨ |
| પ્રકરણ-૫ | |
| પાંચ પ્રકારના ગુરુઓ (ટેબલ) | ૩૫૦ |
| નિર્મલ વાસના અને નમસ્કારથી સમત્વની સિદ્ધિ | ૩૪૯ |
| પાંચ પ્રકારનાં ગુરુઓ | ૩૫૦ |
| મહામંત્રની આરાધના | ૩૫૮ |
| સાચો નમસ્કાર | ૩૫૮ |
| નમસ્કાર મંત્રની સિદ્ધિ | ૩૬૨ |
| મંત્ર વડે મનનું રક્ષણ | ૩૬૬ |
| સહજમળ અને તથાભવ્યતા (ટેબલ) | ૩૬૦ |
| મન અને નમોપદ (ટેબલ) | ૩૬૮ |
| પ્રકરણ-૬ | |
| શ્રદ્ધા અને ભક્તિ (ટેબલ) | ૩૭૨ |
| શ્રદ્ધા અને ભક્તિ | ૩૭૨ |
| ઋણમુક્તિનો મહામંત્ર | ૩૭૩ |
| નમ્રતા અને સૌમ્યતા | ૩૭૮ |
| પ્રકરણ-૭ | |
| ભાવનમસ્કાર અને આજ્ઞાયોગ ક્રમ (ટેબલ) | ૩૮૧ |
| ભાવનમસ્કાર અને આજ્ઞા યોગ | ૩૮૧ |
| મંત્રસિદ્ધિ માટે અનિવાર્ય | ૩૮૩ |
| નમસ્કાર વડે વિશ્વ પ્રભુત્વ | ૩૮૪ |
| સમતા સામાયિકની સિદ્ધિ | ૩૮૭ |
| મંત્ર સિદ્ધિ યોગ્યતા (ટેબલ) | ૩૮૩ |
| પાંચ સમવાય કારણો (ટેબલ) | ૩૮૪ |
| નમોપદની ગંભીરતા | ૩૯૨ |
| નમોપદની ગંભીરતા (ટેબલ) | ૩૯૨ |
| શરણ-ચૈતન્ય, અનંતર-પરંપરફળ | ૩૯૪-૩૯૫ |
| નમસ્કારધર્મની વ્યાખ્યાઓ | ૩૯૭ |
| નમોપદનું રહસ્ય | ૩૯૯ |
| પ્રકરણ-૮ | |
| પુદ્‌ગલ અને જીવ (ટેબલ) | ૩૯૫ |
| સિદ્ધિનો ઉપાય | ૪૦૮ |
| સર્વશ્રેષ્ઠ શ્રી નવકારમંત્ર | ૪૦૮ |
| પારસમણિ-ચિંતામણિ | ૪૧૫ |
| નામ અને નમસ્કાર (ટેબલ) | ૪૧૫ |
| નમસ્કારથી ઉપયોગની એકાગ્રતા | ૪૧૭ |
| કરજોડ-માનમોડ | ૪૧૮ |
| નવકાર સમજણ | ૪૨૪ |
| નમોપદની અર્થભાવના (ટેબલ) | ૪૨૯ |
| નમોપદની અર્થભાવના | ૪૨૯ |
| વ્યાપક નમસ્કારભાવ | ૪૩૮ |





| | |
|---|---|
| સંસાર નાશક નમસ્કાર | ૪૪૦ |
| નમસ્કાર એ મહામંત્ર કેમ ? | ૪૪૦ |
| સંસારના રસો (ટેબલ) | ૪૪૪ |
| નવકારને સામાયિક | ૪૪૭ |
| સમ્યક્ત્વ, સંતોષ અને તપ | ૪૫૦ |
| નમો લોએ સવ્વ સાહૂણં પદ | ૪૫૧ |
| સમતા, આજ્ઞા સામ્યભાવ | ૪૫૪ |
| પરમેષ્ઠિ વડે શુદ્ધિ | ૪૫૯ |
| અભ્યાસ અને વૈરાગ્ય | ૪૬૦ |
| પ્રકરણ-૯ | |
| સાધુના લક્ષણ (ટેબલ) | ૪૬૧ |
| મંત્ર અને શાસ્ત્ર (ટેબલ) | ૪૬૬ |
| નવકારની અગાધ શક્તિ | ૪૬૩ |
| મંત્ર અને શાસ્ત્રનું કાર્ય | ૪૬૬ |
| પાંચ આજ્ઞાને નમસ્કાર | ૪૭૭ |
| મંગલપદની વ્યુત્પતિ | ૪૭૮ |
| ચૈતન્યની ઉપાસના | ૪૮૩ |
| નમ્રતાની મહત્તા | ૪૮૭ |
| નમ્રતાની ઉદારતા | ૪૯૦ |
| ચેતન અને જડ (ટેબલ) | ૪૮૪ |
| પરોપકાર | ૪૯૪ |
| મદનાશક નવકાર | ૪૯૫ |
| કૃતજ્ઞતાની વ્યાખ્યા | ૪૯૯ |
| પરમેષ્ઠિ વર્ણો | ૪૯૯ |
| પ્રકરણ-૧૦ | |
| ભાવનાઓનું ફળ | ૫૦૭ |
| આત્માનો નવકાર સાથે વાર્તાલાપ | ૫૦૮ |
| નવકારથી યોગ્યતા વિકાસ | ૫૦૮ |
| ભાવ સંકોચ | ૫૧૫ |
| મોહનાશનો ઉપાય | ૫૧૬ |
| ક્રોધને જીતવાનો ઉપાય | ૫૧૭ |
| માનને જીતવાનો ઉપાય | ૫૧૭ |
| માયાને જીતવાનો ઉપાય | ૫૧૮ |
| લોભને જીતવાનો ઉપાય | ૫૧૮ |
| પ્રકરણ-૧૧ | |
| મનોવિજ્ઞાનની દૃષ્ટિએ નવકારમંત્ર | ૫૯૦ |
| મૂળવૃત્તિઓના પરિવર્તનના ઉપાયો | ૫૯૨ |
| મનોવિજ્ઞાન અને નમસ્કાર (ટેબલ) | ૫૯૨ |


●●●